Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧૬ જૂન ૨૦૨૧
અંક : ૧૨
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-

ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

અનુક્રમ


- વિષ્ણુ પંડ્યા ૨
  ★ ના, આ કવિતા નથી...
- પારુલ ખખ્ખર ૨
  ★ શબવાહિની ગંગા
- સલિલ ત્રિપાઠી ૩
  ★ કવિતા અને અરાજકતા
- રમેશ સવાણી ૪
  ★ સરકારી નાણાંથી ચાલતા...
- પ્રકાશ ન. શાહ ૫
  ★ હાન્સ ક્રિસ્ચન એન્ડરસન ૨૦૨૧
- મનીષી જાની ૭
  ★ છટકબારી
- મેહુલ દેવકલા ૮
  ★ ગાંધીનગરથી લક્ષદ્વીપ
- રમેશ બી. શાહ ૯
  ★ ભારતનો રસીકરણનો કાર્યક્રમ
  ★ કોરોના અને કાળાબજાર
- ડૉ દુર્ગેશ મોદી ૧૦
  ★ રસીકરણ વિશે
- ડંકેશ ઓઝા ૧૧
  ★ વહીવટી વાવાઝોડું
- દિનેશ પરમાર ૧૧
  ★ પોઢ્યા
- આશા બૂચ ૧૨
  ★ દેખ મેરે ભારત કી હાલત...
- બીરેન કોઠારી ૧૪
  ★ અસ્થિઓ...
- યોગેન્દ્ર પારેખ ૧૫
  ★ મહાદેવભાઈ અને વૉરેન બફેટ
- પારુલ ખખ્ખર ૧૬
  ★ તારે બોલવાનું નહિ
- યોગેશ જોષી ૧૬
  ★ કવિનું મૌન
- પ્રવીણ દરજી ૧૬
  ★ કાન જ ગાયબ!




**પારુલ ખખ્ખર**
**તારે બોલવાનું નહિ : જુઓ પૃષ્ઠ ૧૬**

## શબ્દ જ્યારે ઝાલ્યો રહેતો નથી

### પ્રકાશ ન. શાહ

હમણેનાં દિવસરાત સતત શારતી રહેલી સ્મૃતિ ‘ક્વાયટ ફ્લોઝ ધ દોન’ના સર્જક શોલોખોવની છે. આવો મોટો સર્જક, પણ વિચારધારાવાદનો એવો બંધાણી (કે પછી ઘોર પ્રતિષ્ઠાન-તરફી) કે એણે સોવિયેત દૃષ્ટિબિંદુથી ઉફરાટે વિચારતા લેખકો સંદર્ભે (અલબત્ત, લગારે દિલચોરી વગર) કહેલું કે લશ્કર જ્યારે તાલબદ્ધ કૂચ કરતું હોય ત્યારે શિસ્તભંગ કરનાર સૈનિકને ગોળીએ દેવા સિવાય કોઈ વિકલ્પ હોઈ શકે નહીં.

ગુજરાત સાહિત્ય અકાદમીના પત્ર ‘શબ્દસૃષ્ટિ’માં જે કથિત અનામ નોંધ (પછીથી ‘ઈન્ડિયન એક્સપ્રેસ’ હેવાલથી સ્પષ્ટ થયું તેમ અકાદમીના અધ્યક્ષ અને ‘શબ્દસૃષ્ટિ’ના તંત્રી વિષ્ણુ પંડ્યાની કલમે લખાયેલ અધિકૃત અગ્રનોંધ કે અગ્રલેખ) પ્રગટ થયા પછીની સતત શારતી સ્મૃતિ મેં આરંભે જ ટાંકી છે. આ અકાદમી સ્વાયત્ત તો નથી જ, પણ ઉત્તરોત્તર વધુ સરકારી બનતી ગઈ છે — અગર તો, એને અંગે આપણી સમજ ઉત્તરોત્તર વધુ સાફ થતી ગઈ છે અને પૂર્વે પ્રયોજેલ સરકાદમી એ પ્રયોગ પણ ફીકો માલૂમ પડે છે. આ અગ્રનોંધમાં બલકે વ્યાસપીઠ પરથી આપણને કહેવામાં આવ્યું છે કે ‘અકાદમી સાહિત્યની સંસ્થા છે. તેનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો છે... અકાદમી આવી રચના અને આવાં વલણો સાથે શત પ્રતિશત સંમત નહોતી, નથી અને નહીં હોય.’

‘શબ્દસૃષ્ટિ’માં જે રચના નિમિત્તે (હિંદુ નારીને શોભીતી રીતે નામ લીધા વગર) ઊહાપોહ કરાયો છે તે પારુલ ખખ્ખર અને એમની વિશ્વવાઇરલ રચના ‘શબવાહિની ગંગા’ સંદર્ભે છે. ‘શબ્દસૃષ્ટિ’ શરૂ થયા પછી આટલાં વરસમાં પહેલી જ વાર આ પ્રકારે એક રચનાને નિશાન બનાવાઈ ચોક્કસ વિચારધારાકીય ભૂમિકા લેવાઈ છે અને ‘સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ’ પરત્વે વર્તમાન સત્તાપ્રતિષ્ઠાન તરફે હનુમાનની દિલફાડ ઢબે ભક્તિ પ્રગટ કરાઈ છે. અંજીરપાદ સુધ્ધાંની લગારે તમા વગરની આ જે વિચારધારાકીય સ્પષ્ટોક્તિ છે તે પછી કહેવાનું એટલું જ રહે કે ટ્રોલબહાદુરોની કમરપટા તળેની ને સભ્યતાની મર્ત્ય સમજની પેલે પારની ભાષામાં અગર શોલોખોવની લશ્કરી અપશબ્દાવલીમાં ગયા વગર રચનાકારને વિચારધારાકીય ધોરણે વસ્તુતઃ ‘અનપર્સન’ કરવાનો સત્તાવાર રવૈયો અહીં રૂંવે રૂંવે સોડાય છે.

મુખ્ય મુદ્દો આ છે. બાકી બધી જે શબ્દલીલા (‘જગલરી’નો ગુજરાતી પ્રર્યાય ઝટ સૂઝતો નથી) કરી છે, આચાર્ય આનંદશંકર ધ્રુવને નાહક સંડોવીને કે “કવિતા તો આત્માની કલા છે. ત્યાં તમામ રસોનો અંતિમ શાંત ભાવનો હોય છે. તેની પાસે સંવાદની સંજીવની છે.” વગેરે નકરો બાવાહિન્દી તાશેરો બની રહે છે. આનંદશંકરને અદાલત રૂબરૂ તો આપણે સાક્ષી તરીકે ક્યાંથી બોલાવી શકવાના હતા— જોકે બાઈ પારુલ તે ખખ્ખરસાહેબની સધવાના કેસમાં ‘રાજા નંગા’ બદલ મૂળ ઉશ્કેરનાર ઇસમ હાન્સ ક્રિસ્ચન એન્ડરસન પરે સમન્સ વખતે બજાવાયું પણ હોય! ગમે તેમ પણ, આનંદશંકરે એ જ લેખમાં જાન્યુઆરી પછી ફેબ્રુઆરી મહિનો છે તે પ્રકારની રચના કાવ્ય નથી પણ ‘સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે’ એ નર્મદ ઉક્તિ કાવ્ય છે એમ કહ્યું છે, આ કૂચગાનને તમે પરબારું શાંત રસમાં ઠઠાડી શકો? સાહિત્યસંસ્થા અકાદમીનો “હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો છે. તેની ગતિ ‘વસુધૈવ કુટુમ્બકમ્’થી ‘રાષ્ટ્રે જાગૃયામ્ વયમ્’ની છે.” આ ઉક્તિ અલબત્ત આનંદશંકરની નથી. પરંતુ આ પ્રકારના અતિવાદી વિચારો વિશે એમણે સાહિત્ય અને રાષ્ટ્ર પરની ટિપ્પણીમાં અસંદિગ્ધ શબ્દોમાં કહ્યું જ છે. હશે ભાઈ, ગજાસ્તત્ર ન હન્યતે.

*અનુ. પૃ. ૮*

# ના, આ કવિતા નથી, 'કવિતા'નો અરાજકતા માટેનો દુરુપયોગ છે...

**વિષ્ણુ પંડ્યા, અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી; તંત્રી, "શબ્દસૃષ્ટિ"**

કેટલાક સમયથી એક ગુજરાતી 'કવિતા' પર કેટલાક લોકો વરસી પડ્યા છે. તેની ચર્ચા થાય છે, તેના અનુવાદો થયા છે, તેને સ્વરમાં ઢાળવાનાં કારખાનાં ચાલુ કરી દેવાયાં છે. 'વાહ! વાહ!' 'મેઘાણી પછીની યાદગાર રચના', 'પર્દાફાશ કરતી રચના', 'મરદને જગાડતી કવિતા'.'પરિવર્તનની કલમ' વગેરે વગેરે... ન જાણે કેટલી બધી પ્રશંસા થઈ રહી છે!

આનું કારણ આ કવિતા નથી. તેના 'ઉપયોગ'ની બંદૂક છે! ખરેખર તો આ 'કાવ્ય' છે જ નહીં, આવેશમાં આવીને કરવામાં આવેલો વ્યર્થ આક્રોશ છે, પ્રાસના ત્રાસ સાથે, ભારતીય પ્રજા-લોકતંત્ર-સમાજને લાંછન લગાડે તેવું, શબ્દોનું તિકડમ છે. તેને કવિતા કઈ રીતે કહેવાય ?

પણ તેને માટે તેના કવિ (કે કવયિત્રીને) આપણે દોષ આપવો નથી. તેમણે તો ગમે તે ક્ષણોમાં, 'કવિતા' બનાવવાનો બહાવરો પ્રયાસ જ કર્યો છે. આ કવિએ અગાઉ સારી રચનાઓ આપી છે. અકાદમીએ તેમાં પ્રકાશનમાં સહયોગ પણ આપ્યો છે. ભવિષ્યે એવું સારું રચે તો ગુજરાતી વાચક સ્વાગત પણ કરશે.

પરંતુ, પ્રસ્તુત કવિતા - જેમાં લોકતંત્રના આધારરૂપ પ્રતિનિધિત્વ અને નેતૃત્વને માટે પ્રયોજાયેલા શબ્દો કોઈ રીતે કાવ્યમાં શોભે તેવા નથી. અને તેનો દુરુપયોગ - દેશભરમાં રાહ જોઈને બેઠેલા, કેન્દ્ર-વિરોધી, કેન્દ્રની રાષ્ટ્રીય વિચારધારાના વિરોધી પરિબળોએ કર્યો છે, એટલે કહ્યું કે આ 'કવિતા' નથી, અને તથાકથિત કવિતાના ખભે બંદૂક રાખીને એવાં તત્ત્વોએ ષડ્યંત્રો શરૂ કર્યાં છે, જેઓની નિષ્ઠા ભારત નહીં, અન્યત્ર છે, વામપંથીઓ છે, કથિત 'લિબરલ્સ' છે જેમનો હવે કોઈ ભાવ પૂછતું નથી, જલદીથી તેમનો હેતુ ભારતમાં અવ્યવસ્થા ફેલાવવાનો છે ને અવ્યવસ્થામાંથી અરાજકતા પેદા કરવાનો છે. તેઓ સર્વક્ષેત્રે સક્રિય છે એ જ રીતે સરજાતાં સાહિત્યમાં પણ મેલા ઈરાદાઓ સાથે કૂદી પડ્યા છે. પ્રસ્તુત કવિતાને પોતાનાં વ્યક્તિગત સુખદુઃખોની સાથે જોડીને એક 'મુગ્ધ' વર્ગ પણ તેમાં સામેલ થઈ જાય એવો જ હેતુ આ 'લિટરરી નક્સલો' નો પણ છે.

અકાદમી સાહિત્યની સંસ્થા છે. તેનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો છે. તેની ગતિ 'વસુધૈવ કુટુમ્બકમ્' થી 'રાષ્ટ્રે જાગૃયામ વયમ્'ની છે. આચાર્ય આનંદશંકર ધ્રુવે કહ્યું હતું તેમ કવિતા તો આત્માની કળા છે. ત્યાં તમામ રસોનો અંતિમ શાન્ત ભાવનો હોય છે, તેની પાસે સંવાદની સંજીવની છે. તે શબ્દને સત્ય-શિવ-સુન્દરની સંગાથે અનુભવે છે. આધુનિક કે પ્રાચીન સર્જકતા દૂષિત-પ્રદૂષિત-પ્રતિક્રિયાવાદી નથી રહી, આપણી ઉત્તમ સર્જનાનો એ માર્ગ છે.

એટલે પ્રારંભે કહ્યું તેમ આ કવિતા નથી, તેને કેટલાંક તત્ત્વોએ 'કવિતા' ગણાવીને તેને સામાજિક છિન્નભિન્નતા માટેનું હથિયાર ગણી છે. કવિતા અને કવિ બંને સામ્પ્રત સમાજરચનાના જ ભાગ છે. તેની કવિતા સમાજને નુકસાન કરે તેવી હોઈ શકે નહીં. આ સત્ય તમામ કવિઓને લાગુ પડે છે.

અકાદમી આવી રચના અને આવાં વલણો સાથે શતપ્રતિશત સંમત નહોતી, નથી અને નહીં હોય.

"શબ્દસૃષ્ટિ"માંથી સાભાર

## શબવાહિની ગંગા / પારુલ ખખ્ખર

એક અવાજે મડદાં બોલ્યાં 'સબ કુછ ચંગા-ચંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારા મસાણ ખૂટ્યા, ખૂટ્યા લક્કડભારા,
રાજ, અમારા ડાઘૂ ખૂટ્યા, ખૂટ્યા રોવણહારા,
ઘરેઘરે જઈ જમડાંટોળી કરતી નાચ કઢંગા
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારી ધગધગ ધૂણતી ચીમની પોરો માંગે,
રાજ, અમારી ચૂડલી ફૂટે, ધડધડ છાતી ભાંગે
બળતું જોઈ ફીડલ વગાડે 'વાહ રે બિલ્લા-રંગા'!
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.

રાજ, તમારા દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ
રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી
હોય મરદ તે આવી બોલો 'રાજા મેરા નંગા'
રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.


✻ 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
✻ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/- (વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
✻ વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.
✻ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯.



(ફોન : ૨૬૫૬૨૮૦૬)
✻ બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com
તંત્રી : પ્રકાશ ન. શાહ - E-mail : editor.nireekshak@gmail.com
સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
સંપાદક : કેતન રુપેરા - E-mail : ketan.nireekshak@gmail.com



લવાજમ ભરવા માટે સરનામાં

| | |
|---|---|
| અમદાવાદ | ● વિજય મેગેઝિન વર્લ્ડ : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● અદીત એજન્સી (એસ.બી. શાહ) : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● સૌરભ પુસ્તક ભંડાર : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● નવકાર મેગેઝિન એજન્સી : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● મેગેઝિન વર્લ્ડ : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● એજ્યુકેશનલ એમ્પોરિયમ : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● શિવમ એન્ટરપ્રાઇઝ : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● નવનીત મેગેઝિન એજન્સી : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● પીયૂષ મેગેઝિન એજન્સી : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |



જા.ખ.ના દર

| | |
|---|---|
| આવરણ-૪ | રૂ. ૪૦૦૦/- |
| આવરણ-૩ | રૂ. ૩૦૦૦/- |
| અંદરનું આખું પાનું | રૂ. ૨૦૦૦/- |
| અંદરનું અડધું પાનું | રૂ. ૧૦૦૦/- |
| સેન્ટર સ્પ્રેડ | રૂ. ૪૦૦૦/- |
| પુસ્તકોની જા.ખ. | અડધા દરે |

# કવિતા અને અરાજકતા / સલિલ ત્રિપાઠી

એવા તે કેવા લેખક કે જે એક લોકશાહીના નાગરિક હોય અને પોતાની સરકાર વાણીસ્વાતંત્ર્યમાં માને છે એવા ભ્રમમાં હોય, અને સરસ મજાની સરકારના આશીર્વાદ મેળવેલો ઉચ્ચ હોદ્દો પણ ધરાવતા હોય અને તે છતાંય જ્યારે એક સરકાર વિરોધી કવિતા લખાતી જુએ તો એને વખોડતી વખતે કવિનું નામ લેતા અને પોતાનું નામ લખતા અચકાય ? બેનામી કમ્પનીઓ તો કાળાંબજારિયા ચલાવે, અને સહી કર્યા વગર ધમકી દેતા અને ટીકા કરતા જાસાચિઠ્ઠી જેવા પત્રો તો કાયર લોકો લખે. જો સંપાદકે પોતે કશું લખ્યું હોય, તો એને 'સંપાદકીય' તો કહેવાય,ને?

પણ નનામા પત્રનું શું કરવું?

તે છતાં શબ્દસૃષ્ટિમાં ''ના, આ કવિતા નથી; 'કવિતા'નો અરાજકતા માટે દુરુપયોગ છે'', શીર્ષક હેઠળ એક નોંધ છપાઈ તો ખરી, જેમાં પારુલ ખખ્ખરની કવિતા, 'શબવાહિની ગંગા' એક વિવેચકે ભભૂકતી આંખે વાંચી, થર-થર કાંપતા હાથે એને વિષે એક નોંધ લખી છે. એ લેખમાં પારુલનું નામ નથી લીધું, પણ એમની કવિતાને કવિતા કહેતા સંકોચ બતાવ્યો છે અને કવિતાની આસપાસ અવતરણચિહ્નો મૂક્યાં છે, એટલે આપણે પણ એમના વિવેચનને 'વિવેચન' કહેવું રહ્યું.

એ 'વિવેચન' વાંચતાં પહેલો વિચાર તો એ આવે કે 'વિવેચક'ને પુષ્કળ ઈર્ષા થઈ હશે. સરકારની અહર્નિશ સેવા કરી હોય પણ તે છતાં એમનું નામ સરકારના સમર્થકોનાં વર્તુળો સિવાય ક્યાંય જાણીતું ન થયું હોય, તો દુઃખ થાય એ સ્વાભાવિક છે; વળી પાછી અદેખાઈ પણ આવે જ્યારે અમરેલી જેવા નાના શહેરનાં એક બહેન માત્ર ભારતભરમાં નહિ, વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામી ચૂકે. કોઈ ગુજરાતી સાહિત્યકૃતિની બીજી ભાષામાં પ્રશંસા થાય, ત્યારે ગુજરાતી સાહિત્ય અકાદમીને તો થવો જોઈએ આનંદ, પણ આમના પેટમાં તો જાણે તેલ રેડાયું હોય એમ લાગે છે!

આ 'વિવેચન'માં કવિતાને 'વિવેચક' મહાશયે બંદૂક સાથે સરખાવી છે. એ તો ખરું કે બંદૂકની કિંમત તો બંદૂકનો ઉપયોગ કરનારા જાણે. આપણે યાદ કરવું રહ્યું કે ૨૦૧૯ના મે મહિનામાં અકાદમીના પ્રમુખ વિષ્ણુ પંડ્યાએ સાફસાફ કહ્યું હતું કે નથુરામ ગોડસે ગાંધી જેવા જ દેશપ્રેમી હતા. જે વ્યક્તિ ગાંધી અને ગોડસે વચ્ચેનો તફાવત સમજી ન શકે, એને વળી કલમ અને તલવાર કે પેન અને હથોડી વચ્ચેનો ફરક કદાચ ન પણ જણાય.

વળી પાછું કહે છે કે પારુલની રચના કવિતા નથી પણ આક્રોશ છે. હવે એમાં કંઇક ગેરસમજ થઇ લાગે છે. હજારો નિર્દોષ લોકોનું મૃત્યુ જોઈ કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ ઉત્તેજિત તો થાય જ, પણ એ આક્રોશ અભિવ્યક્ત કરવા કવિ પાસે હોય છે શબ્દ; બંદૂક તો નથુરામ જેવા લોકો વાપરે, કવિ નહિ. પણ જે પક્ષના નેતાઓ અને સમર્થકો દશેરાને દિવસે શસ્ત્રપૂજન કરતા હોય, એમને શબ્દ કે સરસ્વતી સાથે શું સંબંધ ? એ તો એમના મંતવ્યનો વિરોધ કરનારને દુશ્મન જ સમજી બેસે!

જોકે આ 'વિવેચક' થોડા ખાનદાની છે. કવયિત્રીને દોષ નથી દેતા, એ એમની મહેરબાની. દોષ તો પ્રજાનો જ રહ્યો કે લયબદ્ધ રૂંવાડાં ઊભાં કરી દે એવા શબ્દોથી ઉત્તેજિત થઈ લોકોએ આ કવિતા ઘેર-ઘેર પ્રસરાવી. જેમ કાજલ ઓઝા વૈદ્યે એમની કટારમાં કહ્યું હતું ને કે મહામારીમાં થયેલા મૃત્યુનો વાંક સરકારનો થોડો કહેવાય? એ તો પ્રજાનો વાંક; કારણ કે આપણે હાથ ન ધોયા, માસ્ક ન પહેર્યાં અને ગર્દી કરવા મંડ્યા. એમાં બિચારી સરકાર શું કરી શકે ? એ જ રીતે, પારુલે લખ્યું તે લખ્યું, આપણે જો એને ઇન્ટરનેટ પર ન ફેલાવત તો આ પ્રશ્ન જ ઊભો ન થાત. એટલે વાંક કોનો? તાળીઓના ગડગડાટ કરતી પ્રજાનો.

'વિવેચક'શ્રીએ ઉદારતા પણ દાખવી છે અને કહ્યું છે કે ભવિષ્યમાં જો પારુલ 'વિવેચક'ની દૃષ્ટિએ સુંદર કવિતા લખશે, તો 'શબ્દસૃષ્ટિ' જરૂર છાપશે. પણ એવી રચનાને કવિતા કહેવી કે જોડકણું એ તો રામ જાણે! કાવ્ય માત્ર પ્રકૃતિ, પ્રેમ અને પરમાત્મા જેવા 'સુંદર' વિષયો પર નથી લખાતું. કાવ્ય તો ભૂખ્યાં જનોના જઠરાગ્નિ જગાડે છે, યાહોમ કરી ને આગળ પડવાની હાકલ દે છે, ઝેરનો છેલ્લો કટોરો પીવાની વિનંતી કરે છે, અને અન્યાય ન સાંખે એ દિવસને ગાંધી જયંતી ગણે છે. રાજાની પ્રશસ્તિ કરવી એ કવિનું કામ નથી; રાજાને અસ્વસ્થ કરવો - એ છે કવિનું કામ. પૂછી જુઓ ઓસિપ માંડેલશતામને, એના આખમાતોવાને, કિમ ચી હાને, મંગેશ પાડગાંવકરને, દારિન તાતુરને, લિઉ શીઆઓબોને, નઝીમ હિકમતને કે સ્ટેલા ન્યાન્ઝીને.

પારુલની કવિતામાં ધાર્મિક સંદર્ભનો ઉલ્લેખ છે અને અન્યાય પ્રત્યે હતાશા છે અને વ્યંગભર આક્રોશ પણ છે. એવી કવિતાને વામપંથી કહી ઉતારી પાડવી કે લિબરલ જેવા ઉમદા શબ્દનો અપમાન રૂપે દુરુપયોગ કરવો અને 'લિટરરી નક્સલ' જેવા હાસ્યાસ્પદ આક્ષેપ મૂકવા, એ તો આ 'વિવેચક'ની નબળાઈ, લઘુતાગ્રંથિ અને બાલિશતા બતાવે છે. આવી ભાષા 'શબ્દસૃષ્ટિ'ને શોભે નહિ.

જે દેશ મૃતદેહની ગણતરીનો હિસાબ ન રાખી શકે, જ્યાં અમીર પ્રજા માટે ડ્રાઇવ ઇન ટેસ્ટિંગ સેન્ટર રાતોરાત ઊભાં થતાં હોય, જ્યાં હૉસ્પિટલને દરવાજે હાંફતા દર્દીઓનું મૃત્યુ થાય અને લોકો દવા, પ્રાણવાયુ, અને ઍમ્બ્યુલન્સ માટે રઘવાયા થઈ કાકલૂદી કરી ઇન્ટરનેટ પર વિનંતી કરતા હોય અને ત્યારે એ લોકોને સરકાર ધમકી દે, એવા દેશ માટે શું કહેવું ?

એ દેશની ખાજો દયા.

એવો તે કેવો તકલાદી સમાજ કે જે ૧૪ પંક્તિના કાવ્યથી ધ્રૂજી જાય અને 'વિવેચક'શ્રીના શબ્દોમાં કહીએ તો 'છિન્નભિન્ન' થઈ જાય ?

જ્યારે અકાદમીની સ્વાયત્તતા વિષે ચર્ચા ચાલતી હતી ત્યારે દૂર બેઠા મને થતું કે આ તો એક એકેડેમિક મુદ્દો છે. સિતાંશુ યશશ્ચન્દ્રે આપણને ચેતવ્યા હતા અને એમની દીર્ઘદૃષ્ટિ સચોટ નીકળી. એમની ચેતવણી સાચી પડી. આ પૅન્ડેમિકને સમયે આપણે જોઈ લીધું કે સ્વાયત્તતા કોઈ એકેડેમિક મુદ્દો નથી.

કવિ તો આપણી સમક્ષ મૂકે છે એક અરીસો. અને એ અરીસામાં દેખાય છે આપણું સાચું પ્રતિબિંબ. કવિતા કંઈ સેલફોન નથી, કે જેમાં તસ્વીર પાડ્યા પછી રંગની કે તડકા છાંયડાની ફેરબદલી કરી શકાય. જેવા હોઈએ તેવા દેખાઈએ.

''સેતાનિક વર્સિસ'' નવલકથામાં સલમાન રશ્દીએ લખ્યું હતુંઃ ''જેનું નામ લેતાં બીક લાગે કે સંકોચ થાય એને દેવું નામ, જ્યાં થાય છેતરપિંડી ત્યાં દેવું ધ્યાન, જ્યાં ઊપજે વિવાદ ત્યાં દેખાડવું વલણ, વિશાળ જગતને આપવો આકાર અને દુનિયાને ઊંઘવા ન દેવી - એ છે કવિનું કામ.''

શબવાહિની ગંગા વાંચ્યા પછી જો વાચકવર્ગ ચોંકીને જાગે, તો એને કહેવાય સવાર.

## સરકારી નાણાંથી ચાલતા 'શબ્દસૃષ્ટિ'માં ઝેર કોણે ઓક્યું? / રમેશ સવાણી

સરકારી નાણાંથી એટલે કે આપણા ટેક્સના પૈસાથી ગુજરાત સાહિત્ય અકાદમી ચાલે છે. તેના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા છે. અકાદમી તરફથી સાહિત્યનું મેગેઝિન 'શબ્દસૃષ્ટિ' બહાર પડે છે. તેના તંત્રી પણ વિષ્ણુ પંડ્યા છે.

જૂન ૨૦૨૧ના અંકમાં લેખકના નામ વિનાનો લેખ – ''ના, આ કવિતા નથી, 'કવિતા'નો અરાજકતા માટેનો દુરુપયોગ છે !'' પ્રગટ થયેલ છે. પારુલ ખખ્ખરની કવિતા – 'શબવાહિની ગંગા'ની વાત છે. સવાલ એ છે કે સરકારી નાણાંથી ચાલતા 'શબ્દસૃષ્ટિ'માં ક્યા 'ભૂતિયા લેખકે' ઝેર ઓક્યું હશે? 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' અને 'વસુધૈવ કુટુમ્બકમ્' શબ્દો એક સાથે મૂકી શકે તેવી નાદાની માત્ર વિષ્ણુ પંડ્યા જ કરી શકે. એટલે આ લેખ તંત્રી વિષ્ણુ પંડ્યાએ જ લખેલો હશે તેમ કહી શકાય. શું છે તેમની બળતરા?

(૧) 'શબવાહિની ગંગા' કવિતા નથી. 'કવિતા'નો અરાજકતા માટેનો દુરુપયોગ છે.

(૨) 'શબવાહિની ગંગા'ની વાહ, વાહ કરનારા ખોટા છે. કેટલાંક 'તત્ત્વો'એ તેને કવિતા કહીને સામાજિક છિન્નભિન્નતાનું હથિયાર બનાવેલ છે.

(૩) આ 'કાવ્ય' છે જ નહીં; આવેશમાં આવીને કરેલો વ્યર્થ આક્રોશ છે. ભારતીય પ્રજા / લોકતંત્ર / સમાજને લાંછન લગાડનારું શબ્દોનું તિકડમ છે. પ્રાસનો ત્રાસ છે.

(૪) લોકતંત્રના આધારરૂપ પ્રતિનિધિત્વને / નેતૃત્વને માટે પ્રયોજાયેલા શબ્દો – રંગા-બિલ્લા' તથા 'રાજા મેરા નંગા' કોઈ રીતે કાવ્યમાં ન શોભે. તેનો દુરુપયોગ વામપંથીઓ / લિબરલ્સ / કેન્દ્રવિરોધીઓ / કેન્દ્રની રાષ્ટ્રીય વિચારધારાના વિરોધીઓ; ભારતમાં અવ્યવસ્થા / અરાજકતા ફેલાવવા કરે છે. આ લિટરરી નક્સલો છે.

(૫) અકાદમીનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે; વસુધૈવ કુટુમ્બકમ્ છે. કવિતા તો આત્માની કળા છે. તે શબ્દને સત્ય / શિવ / સુંદરની સંગાથે અનુભવે છે.

(૬) કવિતા સમાજને નુકસાન કરે તેવી હોઈ શકે નહીં. અકાદમી આવી રચના અને આવા વલણો સાથે શતપ્રતિશત સંમત ન્હોતી, નથી અને નહીં હોય.

મુદ્દા વાઈઝ ચર્ચા કરીએ :

(૧) માની લો કે મનમોહનસિંહ વડા પ્રધાન હોત તો 'શબવાહિની ગંગા' ઉત્તમ / સર્વશ્રેષ્ઠ કવિતા તરીકે તમે પોંખત કે નહીં? જવાબ આપો. તો તમને અરાજકતાને બદલે સર્જકતા દેખાતી હોત કે નહીં? હાલના વડા પ્રધાને; તત્કાલીન PM મનમોહનસિંહ વિશે સરકારી ખર્ચે યોજાયેલ જાહેર મંચ ઉપરથી અભદ્ર ટિપ્પણીઓ કરી હતી તે શું સંસ્કૃતિ કહેવાય? વિપક્ષના નેતા સોનિયાજી માટે 'કૉંગ્રેસની વિધવા' શબ્દો રંગા-બિલ્લા જ બોલી શકે; બીજા કોઈ બોલી શકે ખરા? બોલો. 'શબવાહિની ગંગા' સાચી જનવાદી કવિતા છે. આ કવિતાએ શાસકનો ચહેરો ખુલ્લો કર્યો છે; લોકોને જાગૃત કર્યા છે; લેખક તરીકે અને નાગરિક તરીકે રાજી થવું જોઈએ; બળતરા શા માટે?

(૨) 'કેટલાંક તત્ત્વો'ને 'શબવાહિની ગંગા' કવિતા લાગતી હોય તો 'કેટલાંક'ની ચિંતા કેમ કરો છો? કેટલાંક તત્ત્વો કવિતા થકી શું સમાજને છિન્નભિન્ન કરી શકે? સરકાર પાસે IT Cell છે / કોર્પોરેટ મીડિયા છે / ગોદી પત્રકારો-લેખકો છે / પબ્લિસિટી માટે સરકારી પ્રકાશનો છે / હોર્ડિંગ છે /આકાશવાણી છે / દૂરદર્શન છે. છતાં એક નાનકડી કવિતાથી સનેપાત કેમ ઉપડ્યો છે?

(૩) 'શબવાહિની ગંગા' કાવ્ય જ ન હોય તો આટલી ચિંતા કેમ કરો છો? 'વ્યર્થ આક્રોશ' સામે ઝેરીલો આક્રોશ કેમ? નાનકડી કવિતા ભારતીય પ્રજા / લોકતંત્ર / સમાજને લાંછન કઈ રીતે લગાડી શકે? શબ્દોનું તિકડમ હોય; પ્રાસનો ત્રાસ હોય તો ચિંતા શા માટે કરો છો? લોકોને ગમશે તો કવિતાને માણશે. લોકોની વિવેકબુદ્ધિ ઉપર છોડોને ! શા માટે ટ્રોલસેના દ્વારા મા-બે'નની ગાળો આપવાની ઝુંબેશ કરવામાં આવે છે? આ કેવો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ?

(૪) ગૌરી લંકેશની હત્યા પછી એક 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદી'એ સોશિયલ મીડિયામાં તેને 'કૂતરી' કહી ત્યારે વડા પ્રધાને તેનું સમર્થન કરેલ; તે ભૂલી ગયા? વડા પ્રધાને, એક મહિલાને ૫૦ લાખની ગર્લફ્રેન્ડ કહીને ઉતારી પાડી; તે ભૂલી ગયા? નેતાઓ મર્યાદા મૂકી દે તે ચાલે; અને કવિતામાં નેતાના ચરિત્રને ઉઘાડું કરે તો વાંધો શા માટે? ગાંધીજીએ કહ્યું હતું કે ચોરને ચોર કહેવાનાં બદનક્ષી થતી નથી. રંગા-બિલ્લા જેવા ગુનાહિત કામો કરનારને રંગા-બિલ્લા કહે તો વાંધો શું? નીચલી અદાલતે કેસ ચલાવ્યા વિના જ સત્તાપક્ષના નેતાને 'ટ્રિપલ મર્ડર' કેસમાં / સુપ્રીમ કોર્ટે 'લાર્જર કોન્સ્પિરેસી' કહીને ત્રણ મર્ડર કેસ 'ક્લબ' કરેલ; તે કેસમાં છોડી મૂક્યા ત્યારે ઉપલી કોર્ટમાં અપીલ નહીં કરવા CBIના હાથ કચકચાવીને બાંધી દેનારને શું કહીશું? બોલો. શું લોકપ્રતિનિધિ દેવદૂત હોય છે? બિહાર / ઉત્તરપ્રદેશ / ગુજરાતમાં ગુંડાઓ ચૂંટાતા નથી? લતીફ કેટલી જગ્યાએથી ચૂંટાયો હતો? લોકપ્રતિનિધિ બદમાશ હોય / નાગો હોય તો તેને મૂળ રૂપે પોંખવાનો નાગરિકને હક્ક છે. 'રંગા-બિલ્લા' અને 'રાજા મેરા નંગા' શબ્દો જ કવિતાને જનવાદી બનાવે છે. વડા પ્રધાનની આલોચના કરવાથી કોઈ 'લિટરરી નક્સલ' કઈ રીતે બની જાય? આ ફૂટપટ્ટીનો ઉપયોગ કરીએ તો હાલના વડાપ્રધાનને તો 'મહાનક્સલ' કહી શકાય; કેમ કે તેમણે ૨૦૧૪ પહેલા તત્કાલીન PM મનમોહનસિંહને સવાર / બપોર / સાંજ અભદ્ર શબ્દોમાં ટીકા કરતા હતા !

તમારી સંકીર્ણ વિચારધારા સાથે સહમત ન હોય તેને રાષ્ટ્રીય વિચારધારાના વિરોધી કઈ રીતે કહી શકો? શું તમને તેનો ઠેકો મળ્યો છે? ધર્મવાદ ફેલાવનારા / લિંચિંગ કરનારા અવ્યવસ્થા / અરાજકતા ફેલાવે છે કે નાનકડી કવિતા? સર્જક તો ઈશ્વર સાથે ઝઘડો કરી શકે; 'પતિ થઈને પત્નીને પારખતાં ન આવડી; છો ને ઘટઘટના જ્ઞાતા થઈ ફૂલાઓ; પણ રામ તમે સીતાજીની તોલે ન આવો !' એવું ચોખ્ખું ચોપડાવી દે; તો સર્જક શાસકને રંગા-બિલ્લા ન કહી શકે? બોલો.

(૫) 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' અને 'વસુધૈવ કુટુમ્બકમ્' બન્ને વિરોધાભાસી વિચારધારા છે. તમે જ કહો, 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના હોય તો લિંચિંગની ઘટના બને? લઘુમતી સમુદાયની બાળકી ઉપર ગેંગ રેપ કરનારાઓના સમર્થનમાં 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદીઓ' રેલી કાઢે? 'વસુધૈવ કુટુમ્બકમ્'માં નફરતની ખેતી હોઈ શકે ખરી? વિવેકની વાત કરનાર ૮૦ વર્ષના સ્વામી અગ્નિવેશનું વસ્ત્રાહરણ કરી તેમને ગાળો આપે / માર મારે ખરા? સત્યની અનુભૂતિ કવિતામાં પ્રગટે ત્યારે કવિતા રચાતી હોય છે. એટલે જ 'શબવાહિની ગંગા' ભાવકોને ગમી છે.

(૬) ચાપલૂસી સમાજને નુકસાન કરે છે. શાસકોની આલોચના કરતી કવિતાથી સમાજને ફાયદો થાય છે. લોકસમજણ એ જ લોકતંત્રનો પ્રાણ છે. 'શબવાહિની ગંગા' જેવી રચના સાથે અકાદમી / 'શબ્દસૃષ્ટિ' સંમત ન થાય તે સમજી શકાય તેમ છે. અકાદમીની રચના જ શાસકની / સત્તાની વાહવાહી માટે થઈ છે. સવાલ એ છે કે શું સાહિત્ય અકાદમી પણ 'ભક્તો' ઘડનારી ફેક્ટરી છે?

૧૧ જૂન ૨૦૨૧-

સૌજન્ય : રમેશ સવાણીની ફેઈસબૂક દીવાલેથી સાભાર

૧૨-૦૬-૨૦૨૧

## હાન્સ ક્રિસ્ચન એન્ડરસન ૨૦૨૧ / પ્રકાશ ન. શાહ

વરસોનાં વહાણાં વાયાં એ વાતને. એક હતો રાજા. એને દિવસરાત એક જ હોંશ ને એક જ ધખના. નવાં કપડાં. નિત નવાં નવાં કપડાં. રાજની તિજોરી છે શેને વાસ્તે, મારા ભૈ ! ન એને લાવલશ્કરની ફિકર, ન કશાની કાળજી. કપડાં. નવાં કપડાં. કલાકે, કલાકે વાઘા બદલે. બદલે અને મહાલે. હાસ્તો ભૈ, રાજ જેનું નામ એ તો એમ જ ચાલેને ! આમ તો, રાજા ક્યાં એવું પુછાય તો સત્તાવાર જાણે કે મંત્રાલયમાં કહેવાય. પણ ખરેખાત ક્યાં, તો કહે વસ્ત્રાલયમાં.

એક દિવસની વાત. ગામમાં બે ધુતારા આવ્યા ને કહે કે અમે સાળવી ને વળી વાણવી છીએ; ને મજાના પોષાકે પાછા બનાવીએ છીએ. એમાં પણ જાદુઈ વસ્ત્રમાં તો અમારો કોઈ જોટો નથી. તમે એ પહેરો તો માત્ર એમને જ દેખાય જે પોતાનાં કામને ને પાયરીને લાયક હોય, બાકીનાને નહીં.

વસ્ત્રવરણાગી રાજાજીને થયું, કમાલની વાત ! હું પણ જાદુઈ વસ્ત્રોમાં ઢબુરાઉં તો જે એને ન જોઈ શકે તે બધાં ઉઘાડાં પડી જાય કે એ ધકેલપંચા દોઢસો છે. હવે હું રોક્યો રોકાઉં શાનો. મારે તો આ વસ્ત્રો જોઈએ જ, તુરતોતુરત. આજે ને અબઘડી. બેઉ ભાઈઓને મસમોટો દલ્લો ને દરમાયો દઈ કીધું કે અબીહાલ મચી પડો.

તરત બેઉ કળાકેસરીઓએ સરખું સ્થાનક શોધી બબ્બે સાળ ખોડી દીધી. લગારે નવરા ન હોય એમ મચી પણ પડ્યા પાછા. ભલે સાળ ખાલી દેખાતી હોય પણ એ બેઉ તો મોડી રાત લગી મંડી પડેલા તે મંડી પડેલા જ માલૂમ પડે.

થોડે દા'ડે રાજાને થયું, કેટલે પહોંચ્યું હશે જાદુઈ પોષાકનું. લાવ, મારી પડખેના માણસોમાંથી એક શાણા જણને રૂબરૂ મોકલું. જે એને સૂઝશે તે બીજાને નહીં સૂઝે. રાજાએ બરક્યા એક શાણા બુઝુર્ગ, આપણે એમને ડાહ્યાભાઈ પહેલા કહીશું, પુગ્યા સાળવીઓની સૃષ્ટિમાં... ને રહી ગયા દંગ. વસ્ત્ર વણાતું દેખાતું નહોતું, પણ બેઉ ભાઈઓ હતા બરાબરના મંડી પડેલા, મચી પડેલા.

પેલા બેઉએ કહ્યું, જરી ઓરા આવો, મોટા. વણાટ તો જુઓ ધ્યાનથી, ને વળી રંગ ને ભાત પણ ! કેવાં રૂડાં સોહે છે. બુઝુર્ગ, ડાહ્યાભાઈ પહેલા સ્તો, જોયા કરે, જોયા જ કરે, પણ કશું દેખાય નહીં (કેમકે હતું જ નહીં). 'હાય રામ !' એમણે વિચાર્યું, મનોમન - હું કૈં મૂરખ થોડો છું કે વસ્ત્રો ન દેખાયાંનું કહી ગેરલાયક ખપું, એમને'મ શાણા કહેવાતા હોઈશું ?

'વારુ,સાહેબ !' સાળ જોડે સજડબમ મચી પડેલા એક વણકરે પૂછ્યું : 'બોલતા કેમ નથી ? આપને ગમ્યું કે નહીં ?'

'અરે વાહ, બહું સોજ્જું ભાળું ને !' ડાહ્યાભાઈ પહેલા નાક પર ચશ્મો સરખો કરી, આંખો લગરીક ઝીણી કરી બોલ્યા : 'મજેના રંગ ને રઢિયાળી ભાત. આંગણેચીતરી ઓકળી જાણે વસ્ત્રે ચઢી. ઝટ જાઉં, રાજાજી કને ને કહું કે આહા...'

'પાડ તમારો', બેઉ વસ્ત્રવીરોએ બુઝુર્ગને કહ્યું ને ઉમેર્યું કે કયા-કયા રંગ વાપર્યા છે ને કેવી ભાત પાડી છે! ડાહ્યાભાઈ પહેલાએ કાન માંડીને સાંભળ્યું ને મનોમન મુખપાઠે કીધું જેથી રાજાજીને તંતોતંત નિવેદિત કરી શકાય. પેલા બેઉ કળાકેસરીઓએ એમની પાસેથી ઓર ચીનાંશુક ને સોનાદોર માગી લીધાં ને પોતાની પીઠ પરના થેલામાં ઠૂંસ્યાં ...અને વળી ખાલી ખાલી સાળ પર કામની ધૂમ મચાવી.

આટલું સાંભળ્યે ધરવ ન થયો તે રાજાએ બીજું શાણું જણ મોકલી આપ્યું. ડાહ્યાભાઈ બીજા જોડેય આપણા વસ્ત્રવીરો વણાટના વાગ્વ્યાપાર સાથે મંડી પડ્યા ને પૂછવા લાગ્યા : 'કેમ પેલા વડીલને ગમ્યું'તું તેમ તમને પણ અમારું કામ ગમ્યુંને.' ડાહ્યાભાઈ બીજા પણ મૂળે ડાહ્યા એટલે એમને થયું કે હું શાનો મૂરખમાં ખપું : 'વાહ રે, મારા વસ્ત્રવીરો, આવું વસ્ત્ર થયું નથી ને થાવું નથી.'

નહીં દેખાતું દેખીને, બાવનબહારના તાનમાં, એય પુગ્યા રાજાજી રૂબરૂ. વસ્ત્રપટ વણાતું જોઈ આવ્યો છું. અતુલ ને અનન્ય.

છેવટે રાજોજી પંડે પધાર્યા, ડાહ્યાભાઈ પહેલાબીજા સહિત સૌ દરબારીઓ સાથે. એમને આવતા જાણી બેઉ વણાટબહાદુરો નકોનકો તાણે ચડી સાળકામમાં પ્રોવાઈ ગયા, નિજમાં નિમગ્ન ! અહા, શું એમના હાથનાં ઊંચકનીચક ને વળી પગની થીરક.

'જુઓ, કામ કેવું આલા દરજ્જાનું છેને !' બેઉ ડાહ્યાભાઈઓએ ઠાવકાઈથી રાજાજીને કહ્યું, 'વખાણને વળોટી જતા રંગો ને બેનમૂન ભાત!' વાત કરતે-કરતે લળી લળી સાળ ભણી આંગળી ચીંધીને બતાવે - જેમ અમને તેમ બાકીનાને પણ દેખાતું હશે એવી ખાતરીથી - છેને સુંદર, અતિસુંદર...

'ભારે કહેવાય માળું !' રાજાજીને મનોમન થયું, 'મને કશું દેખાતું નથી... શું હું મૂરખ છું ? રાજપદને લાયક નથી ? ના, ના, એવું કદાપિ ન હોય.' પદગૌરવને શોભીતો ખોંખારો ખાઈ મોંના ઘેરાની બહાર નીકળી જતા સ્મિતભેર બોલ્યા : 'આવું સુંદર વસ્ત્રપટ, શું કહું એને વિશે ? અનન્ય સુંદર ને અદૃષ્ટપૂર્વ !' સૌ દરબારીઓ આ સાંભળીને ઉત્સાહી પ્રતિસાદ આપવા લાગ્યા, ગળું ને નજર બેઉ તાણીતાણીને... અહાહા, કળા તારો શો ચમત્કાર, જે ન દીઠું તે દીઠું કીધું !

રાજાએ તત્કાળ વણનારાઓને ઇલકાબની નવાજેશ કરી ને કીધું કે હવે રાજસવારીનો દિવસ તરતમાં આવશે, ત્યારે મને આ વસ્ત્રપટનો પોષાક તૈયાર જોઈએ. સવારીની આગલી રાતે તો બેઉ વીરલા જે મંડ્યા છે, જે મંડ્યા છે. સોળ-સોળ મોટા દીવા ગોઠવ્યા છે. નાજુક ટાંકાભરત સારુ રાતે ઉજાસ તો જોઈએ ને. કલાકે કલાકે રાજનોકર વારાફરતી આવે ને જુએ તો એક પા સાળ પરથી અદૃશ્ય વસ્ત્રપટ ઊતરે તો બીજી પા હવામાં કાતર ચાલે ને ટાંકા લેવાય, ટેભા લાગતા જાય...

સવાર પડ્યે શુભ ચોઘડિયે દરબારીઓ સાથે રાજાજી સાળ મુકામે પ્રગટ્યા તો એક વણાટવીરે નહીં દેખાતો પોષાક હાથમાં સાહી કહ્યું - જુઓ, આપસાહેબ સારુ આ અનેરી ઇજાર. બીજાએ પૂર્તિ કરી અને આ રહ્યાં ખેસ, ઝભ્ભો વગેરે ને હા, ઝૂલ જોઈને. હાથમાં ઝાલી જુઓ. છે ને બિલકુલ હળવાં ફૂલ, જાણે છે જ નહીં એવાં હળવાં.

'બિલકુલ !' દરબારીઓએ એકી અવાજે જાદુઈ વસ્ત્રોને વધાવી લીધાં! જોકે એમને એ દેખાતાં નહોતાં પણ આ વસ્ત્રો જાદુઈ હોઈ નહીં દેખાય એ વિશે હવે એમના મનમાં લગીરે શંકા નહોતી, એટલે ઉત્સાહ અપરંપાર હતો.

સેવકોએ રાજાએ પહેરેલાં વસ્ત્રો ઉતારવા માંડ્યાં અને પેલા બેઉ કળાકારો એમને નવાં પહેરાવવા લાગ્યાં. બીજી પાસ, સેવકોએ એમને સવારીમાં શોભે એવા અલંકારો પણ પહેરાવવા માંડ્યા. જરા નવાઈ લાગે એવો ઘાટ તો હતો કે અલંકારો ઝળહળે અને વસ્ત્ર દીઠાં ન જડે. પણ હવે સર્વત્ર વાયક ફરી વળ્યું હતું કે વસ્ત્રો જાદુઈ હોઈ નરી આંખે એમનાં દર્શન થવાનાં નથી. વસ્ત્રો ન દેખાવાનું કારણ આપણી ગેરલાયકાત છે, એ પૂર્વમાહિતીનું હવે કોઈ મહત્ત્વ જ નહોતું રહ્યું. જે પણ મહિમા ને જે પણ મહત્ત્વ તે સઘળું વસ્ત્રોના જાદુઈપણા વિશે જામી ગયેલું હતું જે.

ને એઈ સવારી જે નીકળી છે ! રસ્તાની બેઉ બાજુએ ને મહાલયોના ઝરૂખે હકડેઠઠ સૌ રાજાજીને ફૂલડે વધાવતાં માંહોમાંહે વાત કરે છે, કહેવું પડે... કેવો અનોખો પોષાક. આપણા જેવા સામાન્ય માણસનું તો શું બીજા રાજાઓનુંયે આવું નસીબ ક્યાંથી ! જાદુઈ વસ્ત્રોનો જયજયકાર એ એક જ વાત જાણે કે આ છેડેથી પેલે છેડે ચાલતી હતી.

એવામાં એક બાળક બચાડું, એને દુનિયાદારીનું ભાન નહીં ને વસ્ત્રોની જાદુઈ અનવસ્થાનો અહેસાસ નહીં, તે નહીં રહેવાયેથી બોલી ઊઠ્યું : 'પણ રાજાજીના અંગ પર તો કશું નથી...' ને વળી કહેવા લાગ્યું, 'રાજા નાગો !' ભરી ભીડમાં આ છેડેથી પેલે છેડે લાકડિયો તાર પુગી ગયો : 'રાજા નાગો !'

પલટાતા માહોલ વચ્ચે રાજસવારી પળવાર અટકી ગઈ. રાજાનેય સહેજસાજ ખટકો થયો કેમકે એ જાણતો'તો કે બાળક સાચો છે. જોકે ખટકો થયો ન થયો અને એને સમજાઈ રહ્યું કે હવે તો સવારી આગળ ચાલે એમાં જ સાર છે, કેમકે વસ્ત્રો જાદુઈ હોવાની વાત તો પહેલી પળથી જ સર્વસ્વીકૃત બનેલી છે. સવારી આગળ વધી, રાજાના સેવકો નીચા લળી લળી નકોનકો લેબાસની નકો નકો ઝૂલને ભોંય પરથી ઊંચકવા લાગ્યા ને જાદુઈ વસ્ત્રોનો જયજયકાર થઈ રહ્યો...

★

હવે દસવીસ વરસ, અને હાન્સ ક્રિશ્ચિયન એન્ડરસને આ પરીકથા લખ્યાને બસો વરસ થશે. જોકે એનાં મૂળિયાં તો સૈકાઓ પુરાણાં છે, પણ વિશ્વવિશ્રુત તો હાન્સે લખી તે જ છે. આ દિવસોમાં તે સંભારવાનું કારણ અલબત્ત રાજાની જે વિશિષ્ટ વસ્ત્રાવસ્થા એમાં નિરૂપાઈ છે એ છે. નિર્દોષ બાળક, કેમકે તે આ લખનાર અને આપ વાંચનાર પેઠે ડિગ્રીફુલવેલ ખાસું ભણેલ ને વળી ઊંચી પાયરીએ બેઠેલ નથી, એથી વિશિષ્ટ વસ્ત્રાવસ્થાને સરળતાથી બોલી બતાવે છે.

તો થઈ વાર્તા કે પરીકથા પૂરી, તમે પૂછશો. ના, ભાઈ, છેક ૧૮૩૭થી એટલે કે આ પરીકથા પ્રગટ થઈ તે દી'થી દેશદેશના સુજ્ઞ વિવેચકો કહેતા આવ્યા છે કે એ પૂરી થાય છે ત્યાંથી જ ખરેખર શરૂ થાય છે. કારણ, એ કોઈ રસમી પરીકથા નથી. રૂપાળી રાજકુંવરી, એની ખોવાયેલી સોનેરી મોજડી, વનવગડેથી તે શોધતો ને વળી ખાબકતો સાહસસોહામણો રાજકુમાર, અને મહીં ડખો કરતી વંતરી, એવા-એવા જાથુકી પરીકથાલાયક પ્રોપ્સ કરતાં અહીં કાંક જુદું જરૂર છે.

અલબત્ત, પૂરી થાય છે ત્યાંથી જ શરૂ થાય છે એ તો કહેવાની એક રીત છે. વાતનો માયનો એટલો જ છે કે એમાંથી કશુંક વિશેષ વંચાય છે અગર વાંચવાપણું છે. અહીં આપવો જ હોય તો જ્યૉર્જ ઓરવેલનો હવાલો આપી શકાય કે એણે 'એનિમલ ફાર્મ' લખી ત્યારે શરૂશરૂમાં જોડેલું ઉપશીર્ષક 'અ ફેરી ટેઇલ' ('એક પરીકથા') એવું હતું. 'એનિમલ ફાર્મ' કહેતાં પશુરાજ્ય કે જનાવરવાડીની આખી દાસ્તાંમાં હું અહીં નથી જતો. પણ પશુઓ એકત્ર મળીને રાજકીય સંરચના નિપજાવવા જાય છે અને તેમ કરતાં એક ડુક્કર સર્વેસર્વા બની જાય છે એવી વાત એમાં છે. રૂસી ક્રાન્તિ સ્તાલિનશાહીમાં પરિણમી એની એ ઓરવેલઝીલી ભારઝલ્લી છબી છે. પોતે એને ક્યારેક પરીકથા કહેવાની ચેષ્ટા કરી હશે, પણ ઓરવેલની સાહેદી છે કે રાજકીય ને કળાકીય બેઉ હેતુ જેમાં એકીકૃત પેશ આવે એવી વાર્તા લખવાની મારી કોશિશ હતી.

રાજાનાં નવાં (જાદુઈ) વસ્ત્રો અને 'એનિમલ ફાર્મ' ('અ ફેરી ટેઇલ') બેઉ અનાયાસ એકસાથે સંભારવાનું બન્યું, એટલે એટલું તો સહજ સમજાય છે કે આપણે ઓરવેલની પેઠે એન્ડરસનની રાજકીય સભાનતા બાબતે ભલે જાણતા ન હોઈએ પણ જેમ 'એનિમલ ફાર્મ'માં તેમ આ પરીકથામાં પણ રાજ્યકર્તાઓ, રાજ્યતંત્ર અને નાગરિકો વિશે ચોક્કસ ટિપ્પણી વાંચવાને અવકાશ છે.

આ ટિપ્પણી વાંચવામાં ઉપયોગી થાય એવી એક વિગત એન્ડરસનની જીવનરેખામાંથી ટાંકું ? નાનપણમાં એણે રાજા વિશે ખાસું સાંભળેલું. પણ એક દિવસ રાજાની સવારી જોવાનું બન્યું ત્યારે કોઈ એવી મોટી છાપ ના પડી. 'ઓય મા', એને થયું : 'આ તો માણસ જેવો જ માણસ છે !' રાજા તે જાણે અધ્ધરથી આવેલ કોઈ દેવદીકરો એવું જે ચિત્ર ત્યારે ભૂંસાઈ ગયું તે આ પરીકથામાં ઝિલાયેલું છે. જેનાથી તમારે દબાયેલાચંપાયેલા, આંખમીંચેલા જીવનભર હીંડવાનું છે એવી કોઈ મહાઘટના એ નથી. રાજાના નકોનકો વસ્ત્રની જે કથા પુખ્ત એન્ડરસને માંડી એમાં બાલ્યકાળની આ કેમ જાણે સાક્ષાત્કારક પ્રતીતિ પડેલી હશે.

તરણા ઓથે રહેલો ડુંગર સહસા પ્રત્યક્ષ થવાની, કહો કે મોહભંગની આ કથા છે. પ્રશાસનને બદલે પરિધાનમાં રત ને રમમાણ રાજાને જાદુઈ વસ્ત્રોનું વાસ્તવ સમજાય છે, તે પછી પણ રાખવાપણું લાગે છે. લોક ને દરબારીઓ પણ એ જ લોલેલોલમાં સામેલ થઈ જાય છે. રાજ ચાલુ રહે છે, પેલા બે વસ્ત્રવીરો કળાનું ધુપ્પલ ચલાવી તગડા બની શકે છે, દરબારીઓ ને પદવીધારીઓ જેમના તેમ, બિલકુલ રાબેતો ! બાળક સાચું બોલ્યો તો બોલ્યો, સરકાર જેમની તેમ જારી છે. આખી આ જે અનવસ્થા, એ બીજી રીતે મૂકીએ, તો કેવી છે ? રાજાના અંગ પર વસ્ત્રો છે કે કેમ તે બાબતે સૌ અજ્ઞાન છે, પણ સૌ પાછું માને છે કે મને ભલે ખબર નથી પડતી, પણ બાકી સૌ અજ્ઞાન નથી.

વિશ્વસંદર્ભમાં છેલ્લા ગાળામાં અહીં થતું સ્મરણ પર્યાવરણસિપાહી, સોળ વરસની ગ્રેટા થુનબર્ગનું છે જેણે રાજકારણીઓને અને રાજકારભારીઓને સરાજાહેર કહ્યું હતું કે તમે વિજ્ઞાન અને વિજ્ઞાનીઓને સાંભળતા નથી, કેમકે તમને તો જાણે કશું બન્યું નથી એ રીતે તમારો ધંધોધાપો જેમનો તેમ ચાલુ રહે એવા ગોઠવી રાખેલા જવાબોમાં જ રસ છે.

આપણે ન્યૂ નૉર્મલ કહીશું આને ? ગમે તેમ પણ, હાન્સદાદાની સાખે આ થોડા સ્ફુટ વિચાર, રાજાની વિશિષ્ટ વસ્ત્રાવસ્થા અંગે વિશ્વવાઇરલ પદ્ય નિમિત્તે.

(સૌજન્ય, પ્રમુખીય, 'પરબ' જૂન ૨૦૨૧)

# છટકબારી / મનીષી જાની

બારીઓ
એકપછી એક બંધ થવા માંડે છે
અને
છટકબારીઓ ખૂલવા માંડે છે.

ક્યારેક
છટકબારીઓ ફટાફટ ખૂલવા માંડે છે
અને
બારીઓ ધડાધડ બંધ થવા માંડે છે.

હમણાં
ઘડિયાળમાંથી
ગોળ ગોળ ફરવાનું પડતું મેલીને
ક્યારેક નામનો
તીક્ષ્ણ- ધારદાર કાંટો
મારા મગજના જ્ઞાનતંતુઓ ને
ઉપરનીચે
ભોંકાઈને હાહાકાર મચાવી રહ્યો છે.

હાહાકારમાં
કેટકેટલો કોલાહલ !
ટીવીના પડદામાંથી ફેંકાતા જીભ, થૂંક, બંદૂક,કાદવ, મંજીરા,ચમચા, ચમચી, ત્રિશૂળ,ધજા, પતાકાના કર્કશ અવાજો...
કપાઈ ગયેલા પતંગોના રંગબેરંગી દોરનાં ગૂંચળાં જેવાં સોશ્યલ મીડિયાના બૂમબરાડા...

કોલાહલ વધતો જાય છે :
ગોલી મારો સાલોંકો,
ગદ્દાર એટલે ગદ્દાર ! - એસએસસીની પરીક્ષામાં પૂછાતી એવી એની વ્યાખ્યા ના હોય બોચિયા !
આઝાદ દેશમાં આઝાદીનાં સૂત્રો પોકારનાર તું કોણ ટણપા ?
અહીં આય !લે ચખાડું આઝાદી !
ભડકે બાળો !
લે,આ તારાં ભડભડ બળતાં ઘર, ઝૂંપડાં,ચાલી...
જા હવે, ચૂંટણીમાં મત આલી મફત લીધેલાં પાણીથી હોલવી દે ઘર, ઝૂંપડાં,ચાલી !

વધારે જોઈએ આઝાદી ? બોલ ને બેટ ફટકારું એમ પહોંચાડી દઉં પાકિસ્તાન ?
દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ..પોમ્ પોમ્ પોમ !
બહુમતીથી ચૂંટાયેલા નું બહુમતી રાજ !

ચોગ્ગા છગ્ગા ને ચિચિયારીઓની વચ્ચે મગજના અંધારિયા ખૂણે પડેલા કૂકડાની પાંખોનો ફફડાટ સંભળાતો નથી,
કૂકડાની પાંખોમાં ચિતરાયેલા નારા દેખાતા નથી,
હાથ ઊંચા કરી મુઠ્ઠીઉછાળ સૂત્રોનાં સરઘસ દેખાતાં નથી..

કૂકડાના ગળામાં ફસાઈ ગયો છે સૂરજ..
કૂકડાની પાંખોનો ફફડાટ તમને સંભળાય તો જરા કહેશો ?

કહેજો..!

## ગાંધીનગરથી લક્ષદ્વીપ / મેહુલ દેવકલા

ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર "શબ્દસૃષ્ટિ"માં છપાયેલા નનામા લેખ દ્વારા અકાદમીના અધ્યક્ષપદે વિશ્વવાઈરલ કવિતા અને લખનાર કવયિત્રી વિશે જે અનર્ગળ ભાષાવિલાસ કર્યો છે એ નિંદનીય કરતાં હાસ્યાસ્પદ વધુ લાગે છે. લેખ પોતે લખ્યો હોવાની પાછળથી કબૂલાત કરનાર અધ્યક્ષની નનામો લેખ છપાવવા પાછળ શું ગણતરી હોઈ શકે? ખેર, મૂળ મુદ્દો અહીં સાહિત્યિક સંસ્થાઓના સરકારીકરણનો છે.

ખબર આવી છે દૂરસૂદૂરનાં લક્ષદ્વીપ ટાપુઓથી. થોડા સમયથી આ કેન્દ્રશાસિત પ્રદેશના રહેવાસીઓ કેન્દ્ર દ્વારા ડિસેમ્બર ૨૦૨૦માં મોકલવામાં આવેલા એડમિનિસ્ટ્રેટર દ્વારા કરવામાં આવેલા કાયદાકીય ફેરફારોના વિરોધમાં પ્રદર્શનો કરી રહ્યાં છે. દરમિયાન, બે એક દિવસ પહેલાં એક ટીવી ડિબેટમાં આ કાયદાનો વિરોધ કરનાર યુવા મહિલા ફિલ્મકાર આયેશા સુલતાના દ્વારા વપરાયેલા એક ચોક્કસ શબ્દને લઈને તેમના પર દેશદ્રોહનો કેસ લગાવવામાં આવ્યો છે.

લક્ષદ્વીપ સાહિત્યપ્રવર્તક સંગમ ફિલ્મકારની વહારે આવી છે અને નિવેદન આપ્યું છે કે, 'એમને દેશદ્રોહી ચિતરવા યોગ્ય નથી.' એમણે એડમિનિસ્ટ્રેટરના અમાનવીય અભિગમ સામે સૂર ઉઠાવ્યો છે. લક્ષદ્વીપનાં સાહિત્યિક સમૂહો એમની સાથે ઊભા છે.

સાહિત્યિક સંસ્થાઓનાં મૂલ્યો સંદર્ભે આંખ ઉઘાડતા બે કિસ્સા નજર સમક્ષ છે. લક્ષદ્વીપમાં સાહિત્યિક સંસ્થા ફિલ્મકારની વહારે સમર્થનમાં આવી છે તો આપણી સાહિત્ય અકાદમીના સરકારી અધ્યક્ષ કવયિત્રી અને એમના સમર્થકોને 'લિટરરી નક્સલ'ની પદવી આપી રહ્યા છે.

ગુજરાતની શાણી કહેવાતી પ્રજા આ ઘટનાઓથી ધડો લેશે ?

૧૨-૬-૨૦૨૧

---

**શબ્દ જ્યારે ઝાલ્યો રહેતો નથી** ● અનુ. પૃ. ૧થી...

પારુલ ખખ્ખરની, એને આવડી એવી (અને ચારેકોર ઝિલાઈ એવી) રચના પૂંઠે ષડયંત્ર વાંચવું, જેની નિષ્ઠા ભારતમાં નહીં અન્યત્ર છે એમને સંભારવા, લિટરરી નક્સલ નામની નવી સંજ્ઞાનું નિમિત્ત જોવું આ બધું શોલોખોવની લશ્કરી શિસ્તનો ભંગ કરનાર સૈનિકવાળી અમાનવીય-અસાહિત્યિક માનસિકતાનું દ્યોતક છે.

દડો હવે ગુજરાતની વિશાળ અક્ષરબિરાદરીના ચોકમાં છે. અકાદમી અને એનું પત્ર જો સરકારી વિચારધારાકીય વાજિંત્ર બની રહેવામાં કૃતકૃત્યતા ને સાર્થકતા અગર પરમ ધર્મ અનુભવતાં હોય તો એની સાથે તમારો શો સંબંધ હોઈ શકે. નાગરિક સમાજ એના સહૃદય સાહિત્યસેવી સમુદાય કને આ ક્ષણે વજૂદ અને ઝમીરની અપેક્ષા નહીં રાખે ક્યારે રાખશે.

પ્રસ્તુત અગ્રનોંધ જૂનના બીજા પખવાડિયા લગોલગ લખાઈ રહી છે ત્યારે સ્વાભાવિક જ ૨૫/૨૬ જૂન ૧૯૭૫ની જળથાળ રેખાનું સ્મરણ થઈ આવે છે. ઈંદિરાજીએ 'ગરીબી હટાઓ'ની નવી રાજનીતિની આશા જગવી અને નઈ રોશનીનો અંજાપો અને અંધાપો કારગત બનતો લાગ્યો ત્યારે દેશ બે રાજકીય છાવણીઓ વચ્ચે ધ્રુવીકૃત થવા લાગ્યો હતો. આ ધ્રુવીકરણમાં વ્યક્તિગત સત્તાગત પક્ષકારણનો ફાળો હશે તેમ બંને બાજુએ કેટલાંક પ્રામાણિક પરિબળો પણ હતાં. કેટલાંકને એમાં નવી આશા દેખાઈ હતી તો કેટલાંકને એમાં અધિકારવાદી પેચ જણાયો હતો. ગમે તેમ પણ, સમર્થકો પૈકી કેટલાકને 'શંકાનો લાભ' મળી શકતો હતો. પરંતુ, ૧૯૭૫ની ૨૬મી જૂન સાથે પેલી આશા અને એ અંગે શંકાનો લાભ, બેઉ રહ્યાં નહીં. 'શબ્દસૃષ્ટિ'ની પ્રસ્તુત સત્તાવાર નોંધ આવી એક જળથાળ ઘડી છે.

એપ્રિલ ૨૦૧૫માં પેરેશુટ પ્રમુખ ઉતારાયા - પ્રમુખની ચૂંટણીનો બંધારણીય વિવેક ચુકાયો-ત્યારે એક વસ્તુ સાફ દેખાવા લાગી હતી કે ૨૦૦૩માં ભોળાભાઈ પટેલની (એક ચુંટાયેલ પ્રમુખ તરીકેની) મુદત પૂરી થઈ તે પછી રાજ્ય સરકારે નવી પ્રક્રિયા શરૂ કર્યા છતાં એને કરમાવા દેવું પસંદ કર્યું હતું. તેમ છતાં તે વખતે આપણા વ્યાપક સાહિત્યરસિક સમાજમાં માનો કે બે પ્રામાણિક છાવણીઓ હતી કે ક્યારેક તો બંધારણીય પ્રક્રિયા હાથ ધરાશે. મે ૨૦૧૭માં વળી પ્રમુખીય નિયુક્તિ થઈ તે સાથે પેલા આશાવાદે બાષ્પીભૂત નહીં થવાનું કોઈ જ નિમિત્ત નહોતું. તેમ છતાં, જેમણે હમણાં સુધી આશાની ગોદ શોધી એમણે સૌએ વિચારધારાવાદની અસંદિગ્ધ ઘોષણા પછી એવી કોઈ વિકલ્પબારીના જૂઠોપિયામાં ભમવાપણું નથી. ૨૬મી જૂન સરખી મોહભંગ ઘટના 'શબ્દસૃષ્ટિ'ના જૂન અંક સાથે પ્રાગટ્ય પામી છે.

નાચીજ તંત્રી બીજું શું કહી શકે, સિવાય કે જુએ તેનું ભલું ને ન જુએ તેનુંયે ભલું.

---


**ગ્રાહકોને**

- આપનું રેપર જોશો તો લવાજમ ક્યારે પૂરું થાય છે એ જોઈ રિમાન્ડરની રાહ જોયા વગર રિન્યુઅલ કરી શકશો.
- વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ : 'નિરીક્ષક પ્રકાશનને નામે **C/o.** શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, બેઝમેન્ટ, રંભા કોમ્પ્લેક્સ, ગૂજરાત વિદ્યાપીઠની સામે, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૪ ના સરનામે ડ્રાફ્ટ, ચેક, એમ.ઓ.થી અગર રૂબરૂ ભરી શકાશે.
- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. **10111977055**, એસબીઆઈ, ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪ **SBIN0003092** : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

# ભારતનો રસીકરણનો કાર્યક્રમ

મોદી સરકારે તેના પ્રથમ કાર્યકાળમાં પહેલું મહત્ત્વનું કામ આયોજન પંચને વિખેરી નાંખવાનું કર્યું હતું. એ પગલું માર્મિક રીતે સૂચક નીવડ્યું છે. મોદી સરકાર ભવિષ્યમાં મહત્ત્વનાં પગલાં આયોજન વગર, એટલે કે પુખ્ત વિચારણા અને તૈયારી વિના ભરશે એનું સૂચન એમાંથી સાંપડ્યું છે. ગયા વર્ષે ચાર કલાકની નોટિસથી લોકડાઉન કરવામાં આવ્યું તે એનું એક ઉદાહરણ છે. લોકડાઉન કરતી વખતે નીકળી ચૂકેલાં વાહનો અને પ્રવાસે ગયેલા માણસોની શું સ્થિતિ થશે એનો વિચાર કરવામાં આવ્યો ન હતો. તેના કારણે પ્રવાસે ગયેલા લોકો અટવાઈ પડ્યા અને માલવાહક ટ્રકો રસ્તામાં થંભી ગઈ. આટલો સાદો વિચાર પણ એ ચાર કલાકની નોટિસથી લૉકડાઉન કરતી વખતે ન કરવામાં આવ્યો.

આ વર્ષે એ રસીકરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો ત્યારે રસી ક્યાંથી મળશે તેનું કોઈ આયોજન થયું ન હતું અને હજુ પણ કોઈ આયોજન થયું નથી. કેન્દ્ર સરકારે રસીકરણના કાર્યક્રમની જવાબદારી રાજ્યોને માથે નાંખીને પોતાના હાથ ખંખેરી નાંખ્યા છે. યુરોપના દેશો અને અમેરિકાએ નવેમ્બર' ૨૦માં રસીના લાખો ડોઝનો ઓર્ડર આપ્યો હતો. ભારતમાં જાન્યુઆરીના મધ્યમાં દોઢ કરોડ ડોઝનો ઓર્ડર આપીને રસીકરણની ઝુંબેશ કરવામાં આવી હતી. આપણી કુલ જરૂરિયાત ઓછામાં ઓછી બે અબજ ડોઝની છે. આપણી પાસે રસીના પુરવઠાનું કોઈ આયોજન ન હોવા છતાં આપણે રસીના ૬.૬ કરોડ ડોઝની ભેટ કેટલાક દેશોને આપી હતી. આ પણ એક કામચલાઉ ધોરણે નિર્ણય કરવાનું ઉદાહરણ છે.

ભારતે બીજા મોજાનો અનુભવ કર્યા પછી રસીકરણના કાર્યક્રમની ઝડપ વધારવાની તાતી જરૂર છે ત્યારે રસીકરણની ઝડપ ઘટી ગઈ છે એ ચિંતાજનક બાબત છે. મે માસમાં એપ્રિલની તુલનાએ રસી ૪.૫ કરોડ ઓછા લોકોને અપાઈ હતી. એપ્રિલની ૨૫મી તારીખ સુધી ૮.૯ કરોડ ડોઝ જ આપવામાં આવ્યા હતા. તેની તુલનામાં મેની ૨૫મી તારીખ સુધી ૪.૪ કરોડ ડોઝ અપાયા! આમાં પણ બે ડોઝ લીધા હોય તેનું પ્રમાણ ત્રણ ટકા જેટલું છે. આપણે કેટલી લાંબી મજલ કાપવાની છે તે આમાંથી ફલિત થાય છે

રસીકરણ અંગે કોઈ આયોજન ન હોવાથી એના પુરવઠાની પ્રાપ્તિ અનિશ્ચિત બની ગઈ છે. કેન્દ્ર સરકારે આ જવાબદારી રાજ્યો માથે નાખી એ પછી કેટલાંક રાજ્યોએ વૈશ્વિક ટેન્ડરો બહાર પાડ્યાં છે. પણ દુનિયાના રસીના ઉત્પાદકો પાસે પુરતા ઓર્ડર હોવાથી તેઓ મોટા પ્રમાણમાં રસીના ડોઝ પૂરા પાડી શકે તેમ નથી. આયોજનનો અભાવ ક્યાં નડે છે એનું આ ઉદાહરણ છે.

ખરેખર તો આ રસી નાગરિકોને જાહેર સ્વાસ્થ્યના કાર્યક્રમના ભાગ રૂપી કશી કિંમત લીધા વિના રાજ્યે પૂરી પાડવાની છે. રાજ્ય પોતે એ માટે કેટલાંક કેન્દ્રો ચલાવે છે ત્યાં મફત ડોઝ આપવામાં આવે છે, પણ એની સાથે ખાનગી રાહે રસી મુકાવવાનો કાર્યક્રમ પણ ચાલે છે. ત્યાં એની કિંમત ડોઝની હજાર રૂપિયા પણ હોઈ શકે.

શરૂઆતમાં શંકા હતી કે લોકો રસી લેવા માટે નહીં આવે અને તેમને તે માટે પ્રેરવા પડશે પણ હવે રસીનો પુરવઠો અલ્પ હોવાથી લોકો જે સંખ્યામાં રસી માટે આગળ આવે છે તેમાંથી બહુ ઓછાને રસી આપી શકાય છે.

ધારવામાં આવે છે તેમ જો કોવિડ-૧૯નું ત્રીજું મોજું પણ આવે તો ભારતમાં રસીનો કાર્યક્રમ ખોડંગાતી ઝડપે ચાલતો હોવાથી પ્રમાણમાં ઓછા લોકો સલામત રહી શકશે. અમેરિકા અને યુરોપના દેશોએ જે રીતે રસીનો કાર્યક્રમ હાથ ધર્યો તે આયોજન કાર્યક્રમનું એક ઉદાહરણ છે.

ટ્રમ્પના કાર્યકાળમાં અમેરિકામાં બહુ જ કેસ બન્યા એનાથી આપણે એવો ફાંકો મારતા હતા કે આપણી નીતિ અને સરકારની દરમિયાનગીરી ખૂબ સફળ નિવડ્યાં છે. પણ હવે અમેરિકા કોરોનામુક્ત બન્યું છે અને ભારતે એ ભગીરથ કામ કરવાનું બાકી છે.

૧-૬-૨૦૨૧

# કોરોના અને કાળાબજાર

કોરોનાની મહામારીએ દેશની આરોગ્યસેવાઓની મર્યાદાઓ ઉઘાડી પાડી છે જેને આરોગ્યસેવાઓની પાયાની સગવડો (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) કહેવામાં આવે છે તે કેટલી અપૂરતી છે તે ઊપસી આવ્યું છે. દર્દીઓને હોસ્પિટલોમાં પથારીઓ મળી નથી. વેન્ટીલેટર અને આઈ.સી.યુ. રૂમોની અછત પણ નડી, ઓક્સિજનની અછત ઊભી થવાથી કેટલા દર્દીઓનું અવસાન થયું તેના આંકડાઓ પણ પ્રસિદ્ધ કરવામાં આવતાં નથી. દવાઓની અછત ઊભી થઈ છે ખાસ કરીને રેમડેસિવિરની તંગી વર્તાઈ છે. એના ભાવો આસમાને પહોંચ્યા છે. આપણે ત્યાં બનતું આવ્યું છે તે પ્રમાણે સરકારે તેના ભાવ બાંધ્યા. સરકારે બાંધેલા ભાવ કરતાં ઊંચી કિંમતે વસ્તુ વેચાય તો તેને કાળાબજાર કહેવામાં આવે છે. રેમડેસિવિરના કાળાબજાર થયા છે એટલું જ નહિ તેની નકલી દવાઓ પણ બજારમાં વેચાઈ છે.

કાળાબજારની આ ઘટનાને સમજવી જરૂરી છે. જે વસ્તુની બજારમાં અછત સર્જાય તેની કિંમત બજારમાં વધે છે. જો બજારને એની રીતે કામ કરવા દેવામાં આવે તો એટલા ભાવ વધે જેથી વસ્તુ માટેની માંગ તેના પુરવઠા જેટલી થઈ જાય. આ દાખલામાં વસ્તુની કિંમત વધતી હોવાથી તેના માટેની માંગ ઘટે છે અને તેના પુરવઠામાં વધારો થાય છે. સામાન્ય રીતે ઓછી વસ્તુઓના બજારને એની રીતે જ ચાલવા દેવામાં આવે છે. પણ કેટલાક અપવાદરૂપ દાખલાઓમાં સરકારને બજારની કામગીરીમાં દરમિયાનગીરી કરવી પડે છે. રેમડેસિવિર આવો એક દાખલો બન્યો છે બધા દર્દીઓને તેની બજારમાં વધેલી કિંમત પરવડે નહીં તેથી એવા દર્દીઓના હિતમાં રેમડેસિવિરનો ભાવ સરકારે બાંધ્યો છે. એટલે કે તેની મહત્તમ કિંમત નક્કી કરવામાં આવી છે જેનાથી વધારે કિંમત લઈ શકાય નહીં પણ ભાવો બાંધવાથી વસ્તુનો પુરવઠો વધતો નથી કે તેની માંગ ઘટતી નથી. તેના પરિણામે બાંધેલા ભાવે વસ્તુ બજારમાં મળતી નથી અને ખાનગીમાં ઊંચા ભાવે વેચાય છે. આને લોકપ્રિય ભાષામાં કાળાબજાર કહેવામાં આવે છે. આવા દાખલામાં સરકાર વસ્તુના ભાવ બાંધે તે પૂરતું

થતું નથી એને અસરકારક બનાવવા માટે સરકારે વહીવટી પગલાં ભરીને તેની માંગને ઘટાડવા પ્રયાસો કરવા પડે છે. રેમડેસિવિરના દાખલામાં ગુજરાત સરકારે આવાં કેટલાંક વહીવટી પગલાં ભર્યાં છે અને તેના દ્વારા રેમડેસિવિરની માંગને સીમિત રાખવા પ્રયાસ કર્યો છે.

સરકારે દર્દીઓને જ આ દવા મળે તે માટે દવાનો સ્ટોક સરકાર પોતાને હસ્તક લીધો છે અને કેટલાંક વહીવટી પગલાં ભર્યાં છે અને તેના દ્વારા રેમડેસિવિરની માંગને સીમિત રાખવાનો પ્રયાસ કર્યો છે.

ફિઝીશીયનના સહીસિક્કા જોઈએ તેની સાથે ફિઝીશીયનનું પ્રિસીપ્શન જોઈએ. દર્દીનું આધારકાર્ડ જોઈએ અથવા દર્દીનો રીપોર્ટ જોઈએ. આ બધું રાત્રે બાર વાગ્યા પછી કલેક્ટરની ઑફિસમાં પહોંચાડવાનું. પણ આ માર્ગે રેમડેસિવિરની માંગ ઘટાડવાનું મુશ્કેલ છે. કારણકે દવાની માંગ લોકો અનિવાર્ય હોય તો જ કરે તેથી આ વ્યવસ્થા કેટલી સફળ નીવડશે તે અગાઉથી કહી શકાતું નથી. તે માટે કોરોનાએ જ એક દાખલો પૂરો પાડ્યો છે. દેશમાં કોરોનાના દર્દીઓને અપાતા ઑક્સિજનની ભારે અછત થઈ છે. ઑક્સિજનના અભાવે કેટલાય દર્દીઓ તરફડીને મૃત્યુ પામ્યા છે. ઑક્સિજનની બાબતમાં કાળાબજારનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી; કારણકે ઑક્સિજનની કિંમત હોસ્પિટલની ફીના રૂપમાં જ લેવામાં આવે છે. સરકાર ઑક્સિજનનો પુરવઠો વધારી શકી. નહીં તે સાથે જ ઉપલબ્ધ પુરવઠાનું મેનેજમેન્ટ પણ કરી શકી નહીં. બીજી બાજુ તેના માટેની માંગમાં ઘટાડો થઈ શકે નહી  તેથી અપૂરતા પુરવઠાની સ્થિતિ નિવારી શકાઈ નહી અને તેનો ભોગ દર્દીઓ બન્યા.

અહી એક વાતની નોંધ લેવી જોઈએ શાસકોની અણઘડતાને કારણે કેટલાક દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો પણ શાસકોને તેની કોઈ અરેરાટી થઈ નથી. તેમણે આ દર્દીઓનાં કુટુંબીજનોને દિલસોજી પાઠવવાની તકલીફ પણ લીધી નથી આ દાખલો ભાવ બાંધીને તેને કારણે ઉદ્ભવતી અછતને પહોંચી વળવાની સરકારની શક્તિ કેટલી છે તેનું ઉદાહરણ પૂરું પાડે છે. જે રીતે અખારોમાં રેમડેસિવિરના કાળા બજારના સમાચાર આવી રહ્યા છે તે ઉપરથી સરકાર ભાવ અંકુશનો અસરકારક રીતે અમલ કરી શકી નથી તે સ્પષ્ટ થાય છે.

૧-૬-૨૦૨૧

**તંત્રી :** આ બંને નોંધો લખાઈ અને અત્યારે છપાઈ રહી છે તે દરમિયાન ચિત્ર કંઈક બદલાયું છે, પરંતુ આટલે સુધી પહોંચતાં જે ચુક થઈ અને ગોથાં ખવાયાં તેના વહીવટી અને પ્રજાકીય મૂલ્યાંકનમાં તે ઉપયોગી થશે.

પ્રતિભાવ

## રસીકરણ વિશે / ડો દુર્ગેશ મોદી

તા. ૧ જૂનના ‘નિરીક્ષક’માં રસીકરણ સંબંધે સન્માન્ય લેખકે (જાગૃત ગાડીતે) રજૂ કરેલ દૃષ્ટિકોણ વિશે મારાં કેટલાંક નિરીક્ષણ અહીં ટૂંકમાં મૂકું છું.

૧. ‘કોવિડ મૃત્યુ દર વિકાસશીલ અને વિકસિત દેશોમાં અલગ છે’ એવો કોઈ કોયડો સંશોધકોને જ નહીં. Largely 'inefficient data collection' (& to an extent younger demographic) are the difference in death rate among developed & developing countries.

૨. લેખક acute અને chronic શબ્દોની અપૂરતી અને ખાસ તો ભૂલભરેલી સમજ આપે છે - મુખ્યત્વે ચોથા, સાતમા, આઠમા ફકરામાં. અને એ ઊણપનો ટોપલો છેવટે સ્થાપિત મેડિકલ વિજ્ઞાન પર ઢોળાયો છે - અલબત્ત ખોટી જ રીતે.

૩. Immunology is a vast subject & I do not claim to understand all of it, NO scientist or doctor can. But that doesn't mean we have a great deal of knowledge about it. Similarly, vaccination has many unknowns but it's not new science & the fundamentals are deeply understood. રસીકરણને ‘મંદબુધ્ધિ પ્રવૃત્તિ’માં ખપાવી દેવી એ લેખકના રસીકરણ અને તેની જનઆરોગ્ય પરની સુ-અસરો અંગેના અપૂરતા જ્ઞાનને જ છતું કરતું જણાય છે.

૪. ઉત્ક્રાંતિવાદની વાત થાય એ જ ફકરામાં પાછું ‘લાખો યોનિમાંથી પસાર થયા પછી મનુષ્યજન્મ મળે’ પણ આવે, ગજબનો વિરોધાભાસ!!

૫. Cross immunity, hyper immunity, autoimmunity વિશે પણ unsubstantiated કે અપૂરતી સમજવાળી વાત લખાઈ છે.

૬. રસીકરણથી થતું ‘નુકસાન’ અફર હોય એવું લખીને ન અટકતાં લેખક આગળ વધીને એમ પણ કહી જાય છે કે આવું નુકસાન જેનેટિક કોડમાં છપાય છે - વણસાબિતીએ ઘણી મોટી મોટી વાતો કરી જાય છે લેખક.

૭. મહદ્અંશે આખો લેખ રસીકરણના ટૂંકા ગાળાના ફાયદા લાંબા ગાળે વિનાશ નોતરશે એવા hypothesisને પાયામાં રાખી લખાયો છે - અલબત્ત દાયકાઓનો રસીકરણનો ઇતિહાસ એ hypothesisને જરીકેય બળ પૂરું પાડતો નથી. એ છતાં લેખક ઈચ્છે છે કે આ hypothetical long term નુકસાન ટાળવા, રસીકરણના શોર્ટ ટર્મ ફાયદા અને તેથી થતાં જાનમાલના નુકસાનમાં ઘટાડાને માણસજાતે જતું કરવું જોઈએ અને એના બચાવમાં તરીકે ચૌદમા પુત્ર તરીકે જન્મેલા રવીન્દ્રનાથ ટાગોરનું ઉદાહરણ આપે છે. એ કહેવાનો પ્રયત્ન છે કે રસી વગર થોડાં બાળકો મરશે તો જ મોહન કે રવીન્દ્ર સમકક્ષ બાળકોનો જન્મ શક્ય બનશે! લાંબા ગાળે સમાજઆખાની ચિંતા કરતા લેખક જાણ્યે કે અજાણ્યે ટૂંકા ગાળે થતાં બાળમૃત્યુથી પણ જરાય વિચલિત થયા વગર બેબાક લખી શકે છે.

૮. અહીં લેખકની ભાવના પર વ્યક્તિગત ટકોર કરવાનો ઈરાદો જરાય નથી. હું વ્યક્તિગત રીતે લેખકને જાણતો નથી પણ પ્રકાશ ન. શાહે એમની વાતને ‘નિરીક્ષક’માં જગ્યા આપી છે એટલું એ જાણવા માટે પૂરતું છે કે લેખક સરવાળે સમાજનું ભલું ઈચ્છતા હોવા જોઈએ. પણ લેખકના જ છેલ્લા શબ્દોમાં કહું તો લેખ બહુધા ‘અવૈજ્ઞાનિક અને ભાવનાત્મક’ છે, એથી વિશેષ કશું નહીં.

## વહીવટી વાવાઝોડું : આપણી જવાબદારી / ડંકેશ ઓઝા

કોરોનાનો વાઈરસ જ્યારથી વિશ્વના દેશોની પ્રજાઓને વળગ્યો છે, ત્યારથી જેમનું ધ્યાન ન હતું, તેવા લોકોનું ધ્યાન પણ જાહેર વહીવટની ગેરવ્યવસ્થા તરફ જવા લાગ્યું છે. બધાંને ખબર પડી છે કે આપણે વહીવટમાં નબળા છીએ. આપણે કામચોર અને અનિર્ણયાત્મક છીએ. નિયમોનું પાલન કરવાનું કે શિસ્તમાં રહેવાનું કદાચ આપણા લોહીમાં નથી. ધીરજ અને સહિષ્ણુતા બન્ને આપણે બહુ ઝડપથી ખોઈ બેસીએ છીએ. આ અને બીજાં અનેક કારણોસર આપણે ત્યાં કાયદાનું શાસન એટલે કે ધોરણસરની વ્યવસ્થા સ્થાપવામાં આપણે કાચા પડીએ છીએ.

આપણી લોકશાહીની વ્યવસ્થા કંઈક એવી છે જેમાં સૌથી ટોચ પર ચુંટાયેલી સરકાર છે. તેનામાં કોઠાસૂઝ અને પ્રસ્થાપિત નિયમો અને પરંપરા પ્રત્યે જે પ્રકારનાં આદર અને સન્માન હોવાં જોઈએ, તે વરતાતાં નથી. ઘણી બધી વખત તો પોલીસ ઇન્સ્પેક્ટરની અદાથી આખું વહીવટી તંત્ર ચલાવાય છે. રાજકીય દખલગીરી ઘટવી જોઈએ. તેના બદલે અતિશય પ્રમાણમાં તે વધતી ચાલી છે. વાત તો સારા વહીવટની અને ઓછા વહીવટની થતી હતી, પણ એ તો પોથીમાંનાં રીંગણાં સમાન બની રહેલ છે. આપણે ત્યાં રાજકીય દખલ ઘટે એ અપેક્ષિત છે, પરંતુ આખો માહોલ વિપરીત દિશાનો છે.

ગુજરાત વાવાઝોડામાંથી પ્રમાણમાં ઓછા નુકસાનથી બહાર આવી ગયું, પરંતુ 'યસ' નામના વાવાઝોડાએ ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં ઘણું નુકસાન વેર્યું છે. આપણા વડાપ્રધાન કોઈ પણ ચૂંટણી વખતે બેફામ વાણી-વિલાસમાં વિહરતા હોય છે. પછી બધું સમથળ થવા દેવાને બદલે રાજકીય કિન્નાખોરી, દ્વેષ અને વેરભાવના પ્રગટાવતાં રહે છે. પશ્ચિમ બંગાળમાં મુખ્ય સચિવ સાથેની જે કંઈ ઘટના બની તે અત્યારનું અતિ મહત્ત્વનું ઉદાહરણ પૂરું પાડે છે. આ બધા ઘોંઘાટમાં ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે કેન્દ્ર સરકાર કોવિડમાં વ્યસ્ત હોવાને કારણે તેની પાસે કોઈ મોટા રાહતપૅકેજની માંગણી ન કરી એ 'પૉઝિટિવ' સમાચાર ભાગ્યે જ અખબારોમાં હેડલાઈન બનીને ચમક્યા ! સંજોગો અને પરિસ્થિતિ મુજબનું આદર્શ વર્તન કેવું હોઈ શકે તેનું ઉદાહરણ આ મુખ્યમંત્રીએ પૂરું પાડ્યું.

આપણું રાજ્ય સમવાયતંત્રી છે. એટલે કે સત્તા વિકેન્દ્રિત રીતે રાજ્યોમાં વહેંચાયેલી છે, રાજ્યો કેન્દ્ર સાથે જોડાયેલાં છે. કેન્દ્ર અને રાજ્ય બન્ને પરસ્પર અનેક રીતે જોડાયેલાં છે. બંધારણે અનેક રીતે આ સંબંધની શક્તિ અને મર્યાદા કેટલીક જોગવાઈઓ દ્વારા સ્પષ્ટ કરી આપી છે. કેન્દ્રનો હાથ ઉપર રહે એ સ્વાભાવિક છે પરંતુ રાજ્યો એવા તાબેદાર નથી એ રીતે કેન્દ્રે વર્તવાનું છે. રાજ્યપાલની નિમણૂક વખતે કે મુખ્ય સચિવની નિમણૂક વખતે તેણે આદર્શ પરામર્શકની ભૂમિકા અદા કરવાની છે. આદર્શો વ્યવહારમાં ક્યાંય જણાતા નથી એ જ મોટી મુશ્કેલી છે.

ટોચનો વહીવટી સંવર્ગ પણ પોતાની ભૂમિકા બરાબર સમજતો નથી અને અદા કરતો નથી. રાજકીય સરકારો વફાદારીની અપેક્ષા રાખે છે અને આ સર્વોચ્ચ અધિકારીઓ સ્થૂળ લાભો મેળવવા માટે સ્પર્ધામાં ઉતરે છે. છાણના દેવને કપાસિયાની આંખો જેવો ઘાટ ચાલ્યા કરે છે. તેઓ અંતે વહીવટી પ્યાદાં બનીને અટકી જાય છે.

અદાલતોએ આ સમયમાં ઘણું જોર બતાવવા માંડ્યું છે. તેથી પ્રશ્ન એ ઊભો થાય છે કે રાજવહીવટ સરકાર ચલાવશે કે અદાલતો ? પારદર્શકતા અને આંકડાઓની પારદર્શકતા એનો તો ઘડોલાડવો થઈ ગયો છે. કોઈ પણ બાબતના અધિકૃત આંકડા, વિશ્વસનીય આંકડા આપણી પાસે ઉપલબ્ધ ન હોય, તો કરવામાં આવતું આયોજન ધૂળ પરનું લીંપણ બની રહે તે સાવ સ્વાભાવિક છે. સરકારોએ પોતાના સ્વાર્થી રાજકારણથી વહીવટની કમર તોડી નાખી છે. સંનિષ્ઠ, પ્રામાણિક, હિંમતવાળા, કાયદાની શિસ્ત પ્રમાણે ચાલનારા અધિકારીઓ આજના સમયમાં ખૂણો પાળવો પડે એવી દશામાં મુકાઈ ગયા છે. મુખ્ય સચિવને વહીવટી રીતે નાથવામાં નિષ્ફળ જતું તંત્ર હવે વેરભાવનાથી ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઍક્ટ હેઠળ તેને સજા કરવા પર આવી ગયું છે!

પ્રત્યેક વરિષ્ઠ સનદી અધિકારીનું સ્વપ્ન કારકિર્દી દરમિયાન મુખ્ય સચિવપદે પહોંચવાનું હોય છે. પછી મુખ્ય સચિવપદની ગરિમા તંત્રના એક ઑફમ્બડ્ઝમેનની રીતે અદા કરવાની હોય છે. આવી વ્યાપક ફરજ અને નિષ્ઠા તેમનામાં રોપાયેલી છે, એવી સમજ તેમનામાં પણ ઊતરતી નથી. પૂર્વસરકારોને દોષ દેવાથી પોતે ઊજળા દેખાઈ શકતા નથી ત્યારે ઘાંઘા થયા સિવાય કે અંધારામાં આથડવા સિવાય બીજી કોઈ નિયતિ તેમની પાસે બચતી નથી. જે જોઈ શકે છે, તેને આ બધું અતિ સ્પષ્ટ રીતે દેખાય છે, પરંતુ કેટલાક આંખ આડા કાન કરવામાં અને કોઈકના ખોળે બેસી જવામાં વફાદારીની સલામતી શોધે છે.

પત્રકાર રમેશ ઓઝા ગાઈ-વગાડીને વારંવાર કહે છે તે મુજબ જમણેરી વિચારધારાનાં તંત્રો ધોરણસરનું શાસન કરવામાં માનતાં નથી હોતાં અને ધોરણસરનો વહીવટ આપી નથી શકતા. પોતાના અસ્તિત્વને અને પોતાની પ્રભાવી સત્તાને ટકાવી રાખવા માટે આવી અવ્યવસ્થા સર્જવી અને ચાલવા દેવી એ એમની કદાચ વ્યૂહરચના હોય છે. આવા નિરાશાજનક માહોલમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની હાલની ભૂમિકા કંઈક આશા જગવે છે, જેના અણસાર સીબીઆઈના વડાની પસંદગીના પ્રક્રિયામાં અને રાજદ્રોહનો કેસો અને તેની કાયદાકીય જોગવાઈ બાબતે જે પુનઃવિચારણા તેઓ હાથ ધરી રહ્યા છે, તેમાં વર્તાય છે. એમાંથી પ્રેરણા લઈને પ્રત્યેક જાગ્રત અને સંવેદનશીલ નાગરિકે પોતે જ્યાં હોય ત્યાંથી પોતાને ફાળે આવતી જવાબદારી વ્યાપક દેશહિતમાં અદા કરવાની રહે છે.

સરહદ ઉપર સલામતી જોખમાય તેવાં છમકલાં થાય છે ત્યારે આપણી જે રીતે ઊંઘ ઊડી જાય છે તેવું દેશના આંતરિક માહોલમાં સર્જાય છે ત્યારે મોટે ભાગે આપણને ખબર સુધ્ધાં પડતી નથી. આપણે સબસલામતની આલબેલ પોકારીને લાંબી સોડ તાણતા રહીએ છીએ. લોકશાહી આપણી પાસે સતત જાગૃતિ અને સતત સાવધાનીની અપેક્ષા રાખે છે.

dankesh.oza20@gmail.com

### પોઢ્યા / દિનેશ પરમાર

સમી રે, સાંજના ઘોડા હણહણ્યા, જવું, અઘોર ઘનઘોર,
ઘડીએક સંઘડો રોકજો, વીરા ! આરોગવા મોહનથાળ.
રોગીને શું? આરોગવું, મારાં ખૂટ્યાં અન્નજળ!
હલેકે અંધારા ઉલેચીયા, પલમાં જોડ્યા રથ દ્વાર,
અંધારું ઓઢીને વીરા ! ઉડિયા, ઉડ્યા ગગનને પાર,
સીમ-શેઢા, વીરા ! ભૂલિયા ભૂલ્યા, ખેતર પાદર,
ભેંસો ભાંભરે, તમને ના સાંભરે? રસહીન થયા રસધાર,
મનરેગાનાં કામ રઝળ્યાં, રઝળ્યાં, વિલાપતાં ઘરબાર
જનની જોડ તૂટી રે વીરા ! તમે નહીં કસૂરવાર !
કિસાન સભાને ઝાઝેરા જુહાર, સલામ લાલ મોજાર,
ગબીમાનો જાયો ! રત્નો ભઈ, પોઢ્યા પાયાવાર

મો. ૮૧૬૦૬૭૨૬૫૧

## દેખ મેરે ભારત કી હાલત... ક્યા હો ગઈ ભગવાન... કિતના બદલ ગયા ઇન્સાન... / આશા બૂચ

સિંધુખીણની સભ્યતા અને હિન્દુધર્મનો પ્રાદુર્ભાવ હજારો વર્ષ પુરાણાં. બીજી સભ્યતાઓ ઉદ્ભવ, વિકસી અને લુપ્ત થઈ, પણ ભારતીય સભ્યતા રેતીમાં પણ પગલાં મૂકતી આવી અને હજુ કોઈ ને કોઈ સ્વરૂપમાં ટકી રહી છે. કારણ ? તેનું સર્વસમાવેશીપણું. તેની બદલાતાં વહેણ સાથે વહેવાની ક્ષમતા. જંબુદ્વીપ તરીકે ઓળખાતા ટાપુ અને ત્યાર બાદ હિન્દુસ્તાનની ઓળખ પામનાર વિશાળ ભૂ- ખંડમાં સમયે સમયે પૃથ્વીના ચારે ખૂણેથી અનેક જાતિઓ આવીને વસી, જે પોતાની ભાષા, પોશાક, ખોરાક અને પોતપોતાની અલગ-અલગ ધાર્મિક ભાવનાઓ લઈને આવ્યાં. આર્યજાતિથી માંડીને સદીઓ પર્યંત આવેલ વિદેશીઓ શરૂમાં રાજ્યવિસ્તાર કરવાના હેતુસર લડાઈ કરતા, પરંતુ પરાભવ પામીને સ્વદેશ પરત થતા હોય તોપણ મૂળ વતનીઓ પાસેથી તેમનું જ્ઞાન, વ્યાપારી કુશળતા અને અન્ય અનેક સાંસ્કૃતિક ખૂબીઓ શીખીને જતા. વિજયી બનતી પ્રજા અને તેના રાજાઓ આક્રમણનો તબક્કો પૂરો થતાં આ ધરતીના અમી ધરાઈને પી લઈને તેનાં જ સંતાનો બની જતાં. બે સભ્યતાઓ, સંસ્કૃતિઓ અને ધર્મોના મિલનથી એક અનોખી એવી સદા પરિવર્તનશીલ હિન્દુસંસ્કૃતિ નિર્માણ થતી આવી છે. આ છે આપણો સમન્વયકારી વારસો, એટલે ભારતની સભ્યતા દીર્ઘાયુ બની. પરંતુ છેલ્લા ત્રણેક દાયકાઓથી જાણે ભારતની સિકલ ધીરે-ધીરે પણ ચોક્કસપણે માનવતાથી અવળી દિશામાં ગતિ કરી રહી છે.

આમ તો છેલ્લા કેટલાક દાયકાઓથી લગભગ વિશ્વ આખામાં દેશની સીમા અંગે, ધર્મ અને પંથના વાડાઓ વચ્ચેના ભેદને કારણે, દેશભક્તિ અને રાષ્ટ્રવાદના ઓઠા હેઠળ, વર્ણ, જાતિ (race), જ્ઞાતિ અને વર્ગ વચ્ચેના ભેદભાવના પરિણામે બે દેશો વચ્ચે અને એક દેશમાં અંદરોઅંદર સતત અશાંતિ પ્રસરી રહી છે. જાણે ધરતીની ધરી જમણેરી વિચારધારા તરફ ઝૂકી ગઈ છે.

લાગે છે, માનવજાત દેશ, ધર્મ-પંથ, દેશભક્તિ-રાષ્ટ્રપ્રેમ, વર્ણ, જાતિ, જ્ઞાતિ અને વર્ગની વ્યાખ્યા સમજી નથી અથવા તેનો અનર્થ કરી બેઠી છે અને તેનું આ પરિણામ છે. ભલે આવા કલહો વિશ્વવ્યાપી હોય, અહીં ભારતની દશા (કે અવદશા?) વિષે ઉલ્લેખ કરવા ધારું છું. સ્વતંત્રતા સમયે ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર તરીકે ઉચ્ચ મસ્તકે ઊભો થયેલ દેશ આજે ઓળખાય તેવો નથી રહ્યો. જે ‘દુશ્મનદેશ’ અને ‘વિધર્મીઓ’ની પેટ ભરીને ટીકા કરીએ છીએ અને તેમના અસ્તિત્વને મિટાવવા ભરચક પ્રયાસ કરીએ છીએ, તેમના જેવા જ આપણે બનતા જઈએ છીએ એ જોઈને જીવને ઉચાટ થાય.

ધર્મને આધારે અખંડ ભારતનું વિભાજન થયું. પાકિસ્તાન ઇસ્લામિક દેશ જાહેર થયો, પણ ભારતે સર્વધર્મ અને પંથના લોકોને સમાન નાગરિક અધિકારો આપીને દેશને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર તરીકે જાહેર કરીને દુનિયામાં માનભર્યું સ્થાન મેળવેલું. આજે આપણે હવે ભારતને એક ‘હિન્દુરાષ્ટ્ર’ બનાવવા મથી રહ્યા છીએ! મધ્ય-પૂર્વ અને એશિયાના કેટલાક દેશોની ઓળખ તેમના ધર્મ પર આધારિત છે અને કટ્ટરપંથી વિચારધારાથી રાજ્યવહીવટ ચલાવે છે, તેવી હાલત ભારતની થવાની. એ દેશોમાં મહિલાઓ, લઘુમતી કોમના સભ્યો અને ધર્મના ચુસ્ત નિયમો વિરુદ્ધ મત દર્શાવનારાઓના માનવ-અધિકારો છીનવાઈ જાય છે, તેવી ટીકા કરનાર ભારતમાં આજે તમામ પ્રકારના લઘુમતી સમૂહોના જાહેર અને અંગત જીવન પર તરાપ મરાઈ છે. હિન્દુધર્મના સંકુચિત આચારો ન પાળનારાઓ પર હિંસા આચરવામાં આવે છે.

આજકાલ ‘દેશભક્તિ’, ‘રાષ્ટ્રપ્રેમ’ અને ‘રાષ્ટ્રીયતા’ના નામે દમન કરવાનો શિરસ્તો ચાલુ થયો છે. દેશ પ્રત્યેની વફાદારી દર્શાવવા ‘વંદેમાતરમ્’ બોલવું ફરજિયાત, નહીં તો ‘દેશભક્તો’નું ટોળું ‘દેશદ્રોહી’નો જાન લઈ લે. એવી સત્તા એ ટોળાંને કોણે આપી હશે? ભગવાન જાણે. એક વખત જવાહરલાલજીની મુલાકાત દરમિયાન જનતા ‘ભારતમાતા કી જય!’-ના પોકારો કરી રહી હતી. નહેરુજીએ એમની પાસે જઈને પૂછ્યું, “તમે કોને ભારતમાતા કહો છો? એ કોઈ એક મૂર્તિ છે ? કોની માતા છે ? આ ધરતીના તમામ નાગરિકો તેના સંતાન સમા છે, માટે એ ભૂમિને તમે નમન કરો.” જો આ વાત આપણે સમજ્યા હોત તો આજે ભારતમાતાની છબીને નમન ન કરનારના સ્વમાનને ધક્કો ન પહોંચાડતા હોત. એક વફાદાર નાગરિક તરીકે દેશના લોકો અને તેની સીમાઓની રક્ષા કરવા તત્પર રહે અને જરૂર પડ્યે દુશ્મનોને દૂર કરે તે વ્યક્તિ દેશભક્ત ગણાય તે વીસરી ગયા. આવી સ્થિતિ બેએક દાયકા પહેલાં હતી શું?

ઓગણીસમી સદીના અંત અને વીસમી સદીના પ્રારંભથી લોકશાહીનાં પગરણ થયાં અને ત્યારથી Nation States એટલે કે રાષ્ટ્રીય અસ્મિતા ધરાવતા દેશો અસ્તિત્વમાં આવ્યા. તેને પગલે રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદ જન્મ્યાં. તેનું એક જમાપાસું એ છે કે રાષ્ટ્રપ્રેમ ઉજાગર થવાને પરિણામે ગુલામ થયેલા દેશોને સ્વતંત્ર થવાની પ્રેરણા મળી, પરંતુ હાલમાં રાષ્ટ્રવાદ સંકુચિત થતો જાય છે. મારા દેશ પ્રત્યે ગૌરવ હોય અને તેના હિતની રક્ષા કરવાનું વલણ ઉત્તમ, પણ સમીકરણની સામી બાજુએ બીજા દેશ પ્રત્યે દ્વેષભાવ સેવવો અને રાજકીય કાવાદાવા કરી તેના પતનમાં ભાગીદાર થવું એવો અર્થ વર્તમાન સમયના રાષ્ટ્રવાદનો થઈ રહ્યો છે. તેમાંય પાડોશી દેશો સાથે દુશ્મનાવટ હોવી એ તો જાણે આપણી વીરતાનું લક્ષણ થઈ ગયું છે.

૧૯૯૦ના દાયકાની શરૂઆતથી સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે બનતી ઘટનાઓ જોતાં સવાલ થાય; ભારતીય પ્રજાનું માનસ આટલું બધું વિપરીત દિશામાં કેવી રીતે વળી ગયું? ઉદાહરણ તરીકે જોઈએ, આ ‘મોગલ સામ્રાજ્યની નિશાનીઓ હટાવવાની ઝુંબેશ’. વાડે ચીભડાં ગળવાનું શરૂ કર્યું. બંધારણીય રાહે મળેલા મૂળભૂત અધિકારોનું ગળું રૂંધ્યું, કાશ્મીરની ૩૭૦મી કલમ હટાવી, મુસ્લિમ પ્રજાને પોતાની જ ધરતી પર પરાયા બનાવ્યા. સિટિઝનશિપ કાયદો પસાર કરીને ભારતની બહુસંખ્યક બહુમતીને હાંસિયામાં ધકેલી. હવે જો સરકાર ખુલ્લે- આમ અન્યાયી પગલાં ભરે, તો નાનાં મોટાં સંગઠનો કેમ પાછળ રહે ? મુસ્લિમોને તેમના રહેઠાણવિસ્તારમાં એટલો ત્રાસ આપવો કે તેઓ નાસી જઈને પોતાનો જુદો વિસ્તાર ઊભો કરે એવી નીતિ અપનાવી, કેમકે તેમનો મઝહબ જ તેમને શંકાસ્પદ બનાવે છે. આમ થવાથી તેમનો એક વાડો રચાય. જેના પર જુલ્મ કરવાનું અને તેની સામૂહિક હિંસા કરવાનું સરળ બને. આ યુક્તિ નાઝીસરકાર, ચીનની સરકાર અને સર્બિયનસરકાર પાસેથી શીખ્યા, જેઓએ લાખોની સંખ્યામાં યહૂદીઓ અને મુસ્લિમોને મોતને ઘાટ ઉતાર્યા. અને હજુ આજે પણ એની જ પેરવીમાં છે.

ધર્મના ઓઠા નીચે થતી હિંસા જોઈને વિચાર આવે, ધર્મોની ૨૧મી સદીમાં જરૂર છે ખરી ? કયા ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મને સાચા અર્થમાં સમજે અને અનુસરે છે ? એક જ ખ્રિસ્તીધર્મના ફાંટા રોમન કૅથલિક

અને પ્રોટેસ્ટન્ટધર્મના અનુયાયીઓ આયર્લૅન્ડમાં લડે, ઇસ્લામિક દેશોમાં શિયા અને સુન્ની સામસામા ગળાં કાપે. લાખોની હત્યા ધર્મને નામે થાય. ધર્મ આખર કોનો, જિવાડે તેનો કે મારે તેનો ? આથી જ તો હવે ધર્મને બદલે અધ્યાત્મ અને માનવસભ્યતાની વિભાવનાનો પ્રસાર કરવો લાભદાયી થશે.

બાયોમેડિકલ એન્જીનિયર અને માનવ અધિકાર માટેના જબરા કર્મશીલ રામ પુન્યાની નોંધે છે તેમ ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં જોવા મળશે કે હિંદુ રાજાઓના શાસન દરમિયાન મુસ્લિમ કોમ અને મુસ્લિમ શહેનશાહોના રાજ્ય દરમિયાન હિન્દુ પ્રજા અમનચેનથી રહેતી અને વિકાસ પામતી. જ્યારે ત્રીજી બાહરી સત્તાના નિહિત સ્વાર્થથી તેમનામાં ફુટ પડી, રાજકારણે વાંદરાનો ન્યાય તોળવા માંડ્યો, ત્યારથી એ ગંગા-જમની તહઝીબમાં પાણીમાં પણ તિરાડ પડી. સદીઓથી ભારતની સીમામાં વસતા મુસ્લિમો ગોમાંસ ખાતા આવ્યા છે, તેમનું કાસળ કાઢવા હિંદુઓ આટલી મોટી સંખ્યામાં ઊમટેલા ? આ જેવા સાથે તેવા થવાનું પાગલપન તો જુઓ ! અફઘાનિસ્તાનમાં બામિયાન પર્વતની ગુફાઓમાં ભગવાન તથાગતની મહાકાય પ્રતિમાઓ તોડીપાડીને ઇતિહાસ અને શિલ્પસ્થાપત્યના બેનમૂન વારસાનો નાશ કરવામાં આવ્યો. વર્ષો પહેલાં બાબરે અયોધ્યાના મંદિરનો ધ્વંસ કર્યો, તો આજે મસ્જિદ તોડીને આપણે કાં એના જેવા અધર્મી થઈએ ?

ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રીને હિન્દુસંસ્કૃતિના ભવ્ય ભૂતકાળ અને વારસાને પુનર્જીવિત કરવાની પ્રેરણા થઈ છે. જો એમને સનાતન-ધર્મના યુગની ભારતીય સંસ્કૃતિ વિષે જ્ઞાન હોત તો અન્ય પ્રજાને આલિંગન આપીને પોતાનામાં સમાવી લેવાની ઉદારતા દાખવવાની તાલીમ મળી હોત; અને તો આપણાં તમામ શહેરો, રેલવે-સ્ટેશનો અને જોવાલાયક સ્થળોનાં નામ અને તેની પાછળ જોડાયેલ ઇતિહાસને ગૌરવપૂર્વક સાચવીને દુનિયા સામે ધરતા હોત. એક સમય એવો હતો, જ્યારે ભારતે પંચશીલનો સિદ્ધાંત કૉમનવેલ્થના દેશો અને બિનલોકશાહી શાસન ધરાવતા દેશો સમક્ષ ધરીને હિન્દુસ્તાનની ગરિમા વધારી હતી. ત્યારે આપણે દુનિયાને છાતીઠોકીને કહી શકતા હતા કે અમારા દેશમાં દર છ નાગરિકમાં એક મુસ્લિમબંદો રહે છે, જે સહુથી મોટી લઘુમતી કોમ છે, તે ઉપરાંત, ખ્રિસ્તી, પારસી, જૈન, યહૂદી એમ દરેક ધર્મના લોક અહીં વસે છે. જે ભારતમાં નથી તે દુનિયામાં ન જોવા મળે તેવો સપ્તરંગી અમારો દેશ અને એ દેશનું ગૌરવ લઈ શકાય તેમ છે. આજે હવે કપાળ કૂટીને કહેવા વારો આવ્યો છે કે અમારી કેન્દ્રીય અને રાજ્યસરકારો ધર્મ, પંથ, જાતિ અને જ્ઞાતિ આધારે પ્રજાનું વિભાજન કરીને દુનિયામાં નાલેશી કરે છે. ભારતમાં ગુંજતા 'સાલે મુસલમાનો કો મારો'નાં સૂત્રો દુનિયાના ઘણા દેશોમાં સંભળાય છે. ન્યાયી કાયદાઓની માંગણી કરતા શીખકિસાનોને ખાલીસ્તાની અને આતંકવાદી ઠરાવીને સત્તાધારીઓ પોતાનો ડર છતો કરે છે, એ હકીકત સહુ જાણે છે.

આજે 'મોગલસામ્રાજ્યની નિશાની હટાઓ'ની ઝુંબેશને વેગ મળે છે. ઇતિહાસને મારીમચડીને ફરી વખત લખવો એ કોઈ પણ દેશના ભૂતકાળને ભૂંસી નાખવાનો પદ્ધતિસરનો પ્રયાસ છે, એ નથી જાણતા શું ? હકીકતને છુપાવવી એ પોતાનાં દુષ્કર્મોને ઢાંકવા બરાબર છે એ કોણ નથી જાણતું ? બ્રિટિશ સામ્રાજ્યને એ કામ કરવાની ફરજ પડી કેમકે તેમને પારકી ધરતી પર, પારકા લોકો પર રાજ્ય ટકાવવું હતું. આ તો હવે 'આપણા લોકોનું રાજ્ય છે'. ભાવિ ઇતિહાસ નોંધશે કે બી.જે.પી. સરકારે ભારતીય પ્રજાની અસ્મિતાને કાલી લગાવી. ૧૯૯૨-૧૯૯૫ દરમિયાન સ્રેબ્રેનિત્સામાં થયેલ સામૂહિક હત્યાનો સર્બિયન પ્રજા ઈન્કાર કરે છે- એટલું જ નહીં માનવ-અધિકારની કોર્ટે જેને સજા કરી છે, તેવા રેડોવાન કારાદિચ અને સ્લોબોદાન મિલોસોવીચને પોતાના હીરો ગણી તેની પૂજા કરે છે. એવી જ રીતે ભારતમાં નથુરામ ગોડસેનાં પૂતળાં મુકાય, તેને હારતોરા થાય એ લોકોની ઘાતકી મનોવૃત્તિનું પ્રદર્શન કરે છે. રશિયામાં સેન્ટ પીટર્સબર્ગ નામ બદલી, પેટ્રોગ્રાડ નામ આપ્યું, લેનિનની સ્મૃતિમાં લેનિનગ્રાડ બન્યું (કે જે લગભગ ૨,૦૦,૦૦૦ નિર્દોષ પ્રજાની હત્યાનું નિમિત્ત બનેલ), આપણે અમદાવાદના મોટેરા સ્ટેડિયમને હવે મોદી સ્ટેડિયમ તરીકે ઓળખવાની ફરજ પડી છે.

કેટલાક આતંકીઓ ઇસ્લામને નામે હિંસા કરે ત્યારે 'ઇસ્લામ ખતરે મેં હૈં' એવો બચાવ કરે છે, હવે હિન્દુત્વનો ઝંડો ફરકાવનારાઓ 'હિન્દુધર્મ ખતરે મેં હૈં'ના નારા લગાવે છે. કોનો ભય સતાવે છે ? વિધર્મીઓનો ? ખરા હિન્દુધર્મને પહેચાનનારાઓને આ કહેવાતા હિન્દુત્વવાદીઓથી પોતાનો માનવતા આધારિત ધર્મ જોખમમાં હોય તેવું લાગે છે. આપણી પ્રાંતીય ભાષાઓ અને સાહિત્યમાંથી ઉર્દૂ શબ્દો, કેટલાંક પાત્રો હઠાવવા પ્રયત્ન થાય છે. શા માટે ? ઇંગ્લિશ શબ્દો કાઢી શકશો ? ગુજરાતીમાં તો ફારસી ભાષાના શબ્દો કાઢી નાખો, તો ગુર્જરી ગિરા ઊભી ન રહી શકે, તેમ કરવાને બદલે તેને વધુ શણગારીને સમૃદ્ધ કાં ન બનાવીએ ?

એવો પ્રચાર ચાલે છે કે મોગલશાસન સંસ્થાનવાદી હતું. એ સંસ્થાનવાદ વિષે ખોટી સમજ આપે છે માટે માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ અસત્ય છે, એટલું જ નહીં, પરંતુ આ પ્રચાર પોતાના જ દેશની પ્રજાને વિભાજિત કરવા થઈ રહ્યો છે. રામ પુનિયાની અને ઇરફાન અહમદ કહે છે તેમ બ્રિટિશ રાજ્યકર્તાઓ ભારતની ધનસંપત્તિ ઘસડીને પોતાના દેશમાં લઈ ગયા, ભારતમાં રહ્યા નહોતા, જ્યારે મોગલો ભારતમાં આવ્યા, ત્યાંના વતની થઈને તેની સંસ્કૃતિનો હિસ્સો થઈને રહ્યા. એટલું જ નહીં, ભારતનાં અર્થકારણ, ભાષા, શિલ્પ-સ્થાપત્ય અને કલા એમ તમામ ક્ષેત્રે અદ્વિતીય પ્રદાન કર્યું. મુસ્લિમ પ્રજા મૂળ ભારતની છે, બહારથી આવેલી નથી, એ જાણ્યા બાદ હવે તો તેમની સાથે સમતાભર્યો વ્યવહાર કરવો જ ઉચિત છે. મુસ્લિમકોમ પર અવિશ્વાસ મુકાઈ રહ્યો છે, તેમને મૂળ આવાસો અને ગામમાંથી ખસેડીને અન્ય સ્થળે ધકેલવામાં આવી રહ્યા છે, રોજ 'તમારા વતનમાં જતા રહો' કહીને અપમાનિત કરવામાં આવી રહ્યા છે, છતાં એ લોકો શા માટે વિદ્રોહ નથી કરતા ? શું ૨૦૦૨માં થયેલ રમખાણો સમયે હિન્દુ લોકોએ કેટલાકની હત્યા કરીને તેમને 'પાઠ ભણાવ્યો' છે માટે ? જો ભારતીય મુસ્લિમો ધારે તો પાડોશી દેશ તેમજ બીજાં આતંકી સંગઠનોની મદદ લઈને આખા દેશમાં હિંસાની હોળી સળગાવી શકે. કદાચ એ લોકો આપણને સહિષ્ણુતા અને અહિંસાનો પાઠ ભણાવે છે, જેને આપણે ત્રણ ગોળીઓ મારીને શાંત કરવા પ્રયાસ કરેલો.

ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને ધર્મ હજારો વર્ષ સુધી ટક્યાં, વિકસ્યાં અને દુનિયામાં માનભર્યું સ્થાન મેળવ્યું, કેમકે એ સર્વસમાવેશી છે. શું આપણે એક ઉદાર ધર્મ તરીકે ખુદકશી કરવા માંગીએ છીએ? અન્ય સાંકડા વિચારો ધરાવતા ધર્મ જેવા થવા માંગીએ છીએ ? ભારતનો ઇન્સાન આટલો સંકુચિત વિચારવાળો કેમ બનતો જાય છે ? આપણા અદ્વૈતના સિદ્ધાંતો કયા સમુદ્રમાં ડૂબ્યા ? વસુધૈવકુટુંબકમ્‌ની ભાવના કોને વેચી મારી? વિશ્વ એક નીડમ્‌નો ઘોષ કેમ શાંત થયો?

હાલના ભારતની હાલત બદલાયેલા ઇન્સાનથી થઈ છે, તેને જો ભગવાન મદદ ન કરી શકે તો હવે ગોડ કે અલ્લાહ પાસે ધા નાખીએ.

e.mai : 71abuch@gmail.com

# અસ્થિઓ : જીવિત માનવદેહમાં હોય ત્યાં સુધી ધર્મનાં, દેહ પડે પછી ધર્મનિરપેક્ષ / બીરેન કોઠારી

કપરા સમયમાં વ્યક્તિનું, સંસ્થાનું કે શાસનનું સૌથી વરવું કે સૌથી માનવીય સ્વરૂપ જોવા મળી શકે છે. પ્રવર્તમાન મહામારીમાં આવાં અનેક ઉદાહરણો જોવા મળી રહ્યાં છે, અને હજી મળતાં રહેશે. કેમકે, મહામારીનો કપરો સમય હજી પૂરો થયો નથી. કંઈ કેટલાય વ્યવસાય અને વ્યાવસાયિકોને વિપરીત અસર થઈ છે, જેનો અંદાજ મેળવવો અઘરો છે. એવે વખતે પ્રજ્ઞા અખિલેશે એક ચોક્કસ વ્યવસાયના લોકો પરની અસર વિશે ધ્યાન દોર્યું છે. પ્રજ્ઞા અખિલેશ દિલ્હીસ્થિત 'ભીમ સફાઈ ટ્રેડ યુનિયન'નાં રાષ્ટ્રીય સેક્રેટરી અને 'આર.આર.આઈ.' (રિહેબિલિટેશન રિસર્ચ ઇનિશિયેટિવ)નાં કન્વીનર છે. સફાઈ-કર્મચારીઓના વિવિધ મુદ્દે તેઓ અવાજ ઉઠાવતાં રહ્યાં છે, લખતાં રહ્યાં છે અને વાત પણ કરતાં રહ્યાં છે. આ કારણે તેમને ઉપહાસપૂર્વક અપાયેલું વિશેષણ 'ટૉઇલેટ વુમન ઑફ ઇન્ડિયા' હવે તો તેમની આગવી ઓળખ બની ગયું છે. તાજેતરના એક લેખમાં તેમણે મૃતકોનાં હાડકાં એકઠાં કરતા લોકો વિશે વાત કરી છે.

સામાન્ય રીતે આવા વ્યવસાય સુગાળવા હોય છે. એટલે કે સૂગ એ વ્યવસાય અંગે નહીં, પણ તેના વિશે વાત કરવા અંગેની હોય છે. મૃતકોનાં અસ્થિને એકઠાં કરીને કૅલ્શિયમ બનાવતાં કારખાનાંને પહોંચાડવાનો આખો ઉદ્યોગ અસ્તિત્ત્વમાં છે. તેમને અસ્થિ વેચવા પર પ્રતિબંધ છે, આમ છતાં આ પ્રવૃત્તિ બરાબર ચાલી રહી હોવાનું પ્રજ્ઞાએ જણાવ્યું છે. આ આખા વ્યવસાયમાં સૌથી નીચેની પાયરી પર અસ્થિ વીણનારા હોય છે. તેમનું કામ દેખીતી રીતે ગંદકીયુક્ત, ગેરકાનૂની અને ઘણે અંશે ગુપ્ત હોય છે. સૌથી વધુ જોખમ તેઓ જ ઉઠાવતા હોય છે. આ વ્યવસાય તેમની આજીવિકા સાથે એ હદે સંકળાઈ ચૂક્યો છે કે એમને માટે એ છોડવો મુશ્કેલ છે. આ પ્રકારનો વ્યવસાય કરતા દરેક કર્મચારીની એ વ્યથા હોય છે કે આમાં તે નથી સ્વેચ્છાએ પ્રવેશતો કે નથી સ્વેચ્છાએ નીકળી શકતો. આવા વ્યવસાયમાંથી તે નીકળી જાય, તો તેને બીજું 'સ્વચ્છ' કામ કોણ આપે એ મોટો સવાલ હોય છે.

મહામારીની અસર તળે ઠેરઠેર સામૂહિક અગ્નિદાહ તેમજ દફનવિધિ થઈ રહી છે. સ્મશાનભૂમિ કે કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતાં પરંપરાગત સ્થળો ઉપરાંત બીજાં અનેક સ્થળો આ કામ માટે ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે. કોવિડની બીજી લહેરમાં એક મોટો વર્ગ આજીવિકાના સ્રોત તરીકે આ કાર્ય સાથે સંકળાતો થયો છે. અલબત્ત, આ નાના વ્યાવસાયિકોનો ગેરલાભ લઈને તેમનું શોષણ થવા લાગ્યું છે. અંતિમ વિધિનાં કેટલાંય સ્થળો પર સ્થાનિક ગુંડાઓનું વર્ચસ્વ છે, જે અસ્થિ એકઠાં કરનાર પાસેથી અસ્થિ ખરીદે છે અને જરૂરતમંદ તબીબી કૉલેજ, ફૅક્ટરીઓ સુધી તેને પહોંચાડે છે.

આ વ્યવસાયમાં પહેલેથી સક્રિય હોય એવા લોકોએ કૅલ્શિયમ ફૅક્ટરી સુધી અસ્થિઓ પહોંચાડવાની શૃંખલા ગોઠવેલી છે. કેટલાક લોકોએ વિદેશી વેપારીઓ સાથે સંપર્ક કેળવેલા છે અને સીધા તેમને એ પહોંચાડે છે. લૉકડાઉન દરમિયાન અસ્થિના વેપારીઓ પોતાના એજન્ટોને બારોબાર અંતિમ વિધિનાં સ્થળે મોકલી રહ્યા છે, જેમનું કામ મૃતકના અવશેષોમાંથી અસ્થિ વીણવાનું છે.

પ્રજ્ઞા અખિલેશે આ કામ સાથે સંકળાયેલા વિવિધ લોકોને મળીને તેમની કાર્યપદ્ધતિ વિશે અને તેમની મજબૂરી વિશે લખ્યું છે. એવું નથી કે આ સ્થિતિ કોઈ એકલદોકલ સ્થળ કે રાજ્યમાં હોય. વિવિધ રાજ્યોમાં અનેક સ્થળોએ આ ચલણમાં છે.

કોવિડના કાળમાં માનવ-અસ્થિઓ સહેલાઈથી ઉપલબ્ધ બનવા લાગ્યાં છે. સ્મશાનમાંથી અસ્થિ વીણવામાં આવે છે, એમ કબ્રસ્તાનમાંથી પણ એ કરવામાં આવે છે. કેમકે, અસ્થિઓ જીવિત માનવદેહમાં હોય ત્યાં સુધી જ કોઈ ચોક્કસ ધર્મનાં ગણાય છે. દેહ પડે એ પછી તેમાંનાં અસ્થિઓ ધર્મનિરપેક્ષ બની જાય છે. કૅલ્શિયમની ફૅક્ટરીના કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાતાં વિવિધ ધર્મના મૃતદેહોનાં અસ્થિઓ આખરે ભૂકો થઈને એકમેકમાં ભળી જાય છે અને ફરી એક વાર વિવિધ ઉત્પાદનોના સ્વરૂપે વિવિધ ધર્મના ગ્રાહકો સુધી પહોંચે છે.

અસ્થિની માંગ ખૂબ હોય છે અને તેમાં પ્રાણીઓનાં અસ્થિનો સમાવેશ પણ થાય છે. સામાન્ય સંજોગોમાં પ્રાણીઓનાં અસ્થિ મેળવવા સહેલાં હોય છે. અલબત્ત, 'ગૌરક્ષક' નામની પ્રજાતિના વધેલા ઉપદ્રવ પછી તેમનું કામ પણ મુશ્કેલ બની રહ્યું છે. આમ છતાં, અલબત્ત, પ્રાણીઓનાં અસ્થિ એકઠાં કરવાનું કામ અમુક જાતિવિશેષ પૂરતું સીમિત છે. આ કામ સાથે સંકળાયેલા ઘણા લોકો લૅન્ડફિલ તરીકે ઓળખાતા ઘન કચરો ઠાલવવાના સ્થળે ઊભેલા કચરાના ઢગમાંથી પશુઓના અવશેષો વીણતા હોય છે. સામિષાહારીઓ દ્વારા ફેંકી દેવાયેલા વધ્યાઘટ્યા ખોરાકને તેઓ ફેંદતા રહે છે. મજબૂરીવશ તેમણે એ જ અવશેષો થકી પેટ ભરવાનો વારો આવે એવા સંજોગો હાલ ઊભા થયેલા છે.

આ વ્યવસાય, તેની સાથે સંકળાયેલા લોકોની વાત કદાચ સુરુચિપૂર્ણ ન લાગે, છતાં કઠોર વાસ્તવિકતાને શી રીતે અવગણવી? મૃતદેહોનાં અસ્થિ એકઠાં કરવાનું કામ હોય કે માનવમળનું વહન કરવાનું કાર્ય, આ કોઈ કામ એવું નથી કે વ્યક્તિ સ્વેચ્છાએ કરે.

વળતરની દૃષ્ટિએ આ વ્યવસાય જરાય યોગ્ય નથી. આરોગ્યનું સૌથી મોટું જોખમ તેની સાથે સીધેસીધું સંકળાયેલું હોય છે. માનવીય ગરિમા જેવો શબ્દ આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે સાવ અજાણ્યો હોય છે. આમ છતાં ચોક્કસ જ્ઞાતિના હોવાથી આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો એમાંથી બહાર નીકળી શકતા નથી. સામાજિક સમાનતા કેટલી સદીઓ સુધી સ્વપ્ન સમાન રહેશે ?


## ડાઈરેક્ટ પેમેન્ટ માટે

- બૅંકમાં ડાઈરેક્ટ પેમેન્ટ માટે નિરીક્ષક પ્રકાશન, ખાતા નં. **10111977055**, એસબીઆઈ, ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ, ૧, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

**SBIN0003092** : ભર્યા પછી ઇ-મેલ (prakash.nireekshak@gmail.com) અગર વૉટ્સ અપ/ એસએમએસ (૦૯૮૭૯૯૧૯૪૨૧)થી સરનામા સહિતની વિગતે ખબર આપો.

## મહાદેવભાઈ અને વૉરેન બફેટ / યોગેન્દ્ર પારેખ

ઉચ્ચશિક્ષણની એક સંસ્થામાં અનિકેત અને કમલ અધ્યાપક તરીકે સાથે નોકરી કરે. બંનેની વિદ્યાશાખા જુદી. અનિકેત વિનયન અને કમલ વાણિજ્ય વિદ્યાશાખામાં ભણાવે. ટી બ્રેક કે લંચ બ્રેકમાં સાંપ્રત પ્રવાહોની ચર્ચા થાય .કમલ વોટ્સએપ દ્વારા સંચિત સમજ-ગેરસમજને ગુજરાતી અંગ્રેજી મિશ્રિત બોલીમાં ઠાલવે. એને શૅરબજારમાં રસ પડે એટલો બીજી વાતમાં ન પડે. ઑન સ્ક્રીન માર્કેટમાં ફરી વળતા કમલ પાસે 'ધેટ્સ ઇટ ! ઓકે' ને 'યા યા !' ના છમકારવાળું મસાલેદાર શબ્દભંડોળ. અનિકેત સૂતરના તાંતણે સમજણનો સેતુ રચ્યા કરે.

એક વખત બન્યું એમ કે ગાંધીજી અને મહાદેવભાઈ દેસાઈની વાત નીકળી. કમલે અત્યંત સહજતાથી કહ્યું, 'આઈ ડૉન્ટ નો અબાઉટ મહાદેવભાઈ'. બી.કોમ સુધી ગુજરાતી માધ્યમમાં ભણેલા પીએચ.ડી. પદવીધારી અધ્યાપકને મહાદેવભાઈ વિશે તદ્દન અજ્ઞાન પ્રગટ કરતો જોઈ અનિકેતે મહા આશ્ચર્ય વ્યક્ત કર્યું . જવાબમાં કમલે કહ્યું, 'સો વ્હૉટ ? ડુ યુ નો અબાઉટ વૉરેન બફેટ ?' આ સવાલ કરતી વખતે વર્તમાનવિશ્વના મહાન ધનવાન વિશે પોતે અનિકેત કરતાં કંઈક વધારે જાણે છે, એવો ગર્વિષ્ઠ ભાવ કમલના ચહેરા પર તરી આવ્યો.

અનિકેતને કમલની સજ્જતા અને સમજ વિશે સહેજ પણ શંકા નહોતી. તેણે ધીમે રહીને કમલને કહ્યું કે વૉરેન બફેટ વિશે મને તમારા જેટલી જાણકારી નથી પણ એક મહત્ત્વની વાત છે, કદાચ તમને ખબર ના પણ હોય.

કમલના કાન સરવા થયા. અનિકેતની જાણકારી વિશે એને ઊંડે-ઊંડે આદર ખરો.

અનિકેતે વૉરેન વિશે કમલને કહ્યું, 'સાંભળો સાહેબ ! વૉરેન બફેટનો જન્મ નહોતો થયો ત્યારની વાત છે. વૉરેન હજી ગર્ભસ્થ હતા. માતાના ઉદરમાં ઊછરી રહેલા શિશુમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કાર આવે એવા ઉમદા આશયથી તેમના માટે પિતાએ ભારતના પ્રવાસનું આયોજન કર્યું.'


અનિકેતની આ વાત કમલ માટે સાવ નવીનક્કોર હતી. તેણે સરવા કાને સાંભળવાનું ચાલુ રાખ્યું . અનિકેતે આગળ ચલાવ્યું: 'ગર્ભસ્થ શિશુના સંસ્કારઘડતર માટે જાગૃત બફેટદંપતીને તેમના ડૉક્ટરે 'આ દિવસોમાં' લાંબો પ્રવાસ કરવાની ના પાડી છતાં ડૉક્ટરની સલાહને ગણકાર્યા વગર તેઓ તીર્થભૂમિ ભારતમાં પધાર્યા. સાબરમતી આશ્રમની મુલાકાત લીધી. અમદાવાદથી ભાવનગર તરફ પ્રયાણ કર્યું. ધંધુકાથી સત્યાવીસ કિલોમીટર જેટલા અંતરે વૉરેનની માતાને દુખાવો ઉપડ્યો. ગાડી ઊભી રાખી. ગુજરાતી ડ્રાઈવરે હાઈવે પર ઊભેલા માણસને ડૉક્ટર કે હૉસ્પિટલ વિશે પૂછ્યું. પરિસ્થિતિ પામી ગયેલા ઠીક-ઠીક જાણકાર એ માણસે કહ્યું, 'અહીંથી ડાબી બાજુ સાત કિલોમીટર જતાં નાવડા નામનું ગામ આવે છે. ત્યાં ગીતાબહેન નામનાં દાયણ રહે છે. ત્યાં જાવ. કામ થઈ જશે. કરો ફતેહ.'

કમલને આશ્ચર્યમાં ગરકાવ જોઈ અનિકેતે સમાપન કર્યું 'સુવાવડ સફળ રહી. વૉરેન બફેટનો જન્મ નાવડામાં થયો. તેમની નાગરિકતા આજે પણ ભારતની છે.'

કમલ માટે આ માહિતી અપૂર્વ હતી. કદાચ કોઈ સેમિનાર કે જ્ઞાનસત્રમાં કામ આવે તેમ સમજી તરત વિગતો વોટ્સએપ કરવા અનિકેતને કહ્યું અને ઉમેર્યું', બૉસ ! સેલ્યુટ "યાર, તમારા નૉલેજ માટે."

અનિકેતને જરા પણ નવાઈ ના લાગી. બેહોશ પણ ના થયો. અસત્ય ઘટના આધારિત આ સત્યઘટના વાંચી કે સાંભળીને ગૂગલ સર્ચ કરશો નહીં.


## ગુજરાતી ડાયસ્પોરાના વિચારપત્ર 'ઓપિનિયન'માં પ્રકાશિત લેખોનો સંપાદિત સંચય



એક ગુજરાતી દેશ અનેક

એપ્રિલ 2021
પાકું પૂઠું
કદ : 5.5"x8.5"
પૃ. 352

"ડાયસ્પોરિક ગુજરાતી આલમને પામવા સારુ
એક મજબૂત ધોરી માર્ગ એટલે
*એક ગુજરાતી દેશ અનેક.*"

'એક ગુજરાતી, દેશ અનેક'. પુસ્તકના નામ પરથી જ વિષયવસ્તુનો અંદાજ આવી શકે, પણ વાંચ્યા પછી લેખક ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીનાં પ્રવાસ, અનૌપચારિક પત્રકારત્વ અને અભ્યાસ-પરાયણતાનો ખ્યાલ આવે. ગુજરાતમાં અને કદાચ ગુજરાતી સાહિત્યમાં ઓછા જાણીતા, પણ વધુ અભ્યાસી ડાહ્યાભાઈએ 'ડાયસ્પોરિક ગુજરાતી આલમ'માં કરેલું કામ નિઃશંકપણે નોંધપાત્ર છે. ગુજરાતમાં જન્મ, અભ્યાસ વતન અને વિદેશમાં, પછી કારકિર્દીની ગાડી પાટા પર ચડી અને દેશ-વિદેશમાં નોન-સ્ટોપ દોડતી રહી. તેમણે જોયેલા-જાણેલા દેશો-આફ્રિકા, બ્રિટન, અમેરિકા, યુરોપિયન દેશો, ઇરાન, ઇરાક, આરબ દેશો, સિંગાપોર, ચીન અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશો-ના રાજકીય, ઐતિહાસિક, સાહિત્યિક, સામાજિક, આર્થિક, ધાર્મિક... લગભગ તમામ પાસાં આવરી લેતું અભ્યાસ, અવલોકન અને અજવાશપૂર્ણ આલેખન એટલે આ પુસ્તક.

સંશોધનપૂર્ણ સંપાદન અને સાંપ્રત સંદર્ભોથી મઢીને સંપાદકે એને એક અલગ જ શ્રેણીમાં મૂકી આપ્યું છે. "વિદેશ વસતી ગુજરાતી પેઢી માટે પોતાના દાદા-પરદાદાની વાત અને ભારતીય ગુજરાતીઓ માટે વિદેશ વસતા ગુજરાતી સમાજની વાત" લઈને આવતું આ સુંદર પુસ્તક "સૌ ગુજરાતીઓને 'વિશ્વ ગુજરાતી' બનવા માટેની યાત્રાનું એક 'આગે કદમ' બની રહે", એવી આશા

**વધુ વિગત માટે :** લેખકને તેમના પુસ્તક અંગે સંપાદકનો પત્ર, નિ.૧૬-૪-'૨૧ ● ઓપિનિયન : https://opinionmagazine.co.uk/details/7061/ek-gujarati--desh-anek

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. ૯૮૯૮૭ ૬૨૨૬૩ ● કુરિયર ચાર્જ અલગથી


આ પુસ્તક પ્રકાશિત થયા પછી તરતના દિવસોમાં લેખકનું નિધન થયું: તેમને તંત્રીની શ્રધ્ધાંજલિ હવે પછી

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

## તારે બોલવાનું નહિ / પારુલ ખખ્ખર

ભલે હો પીડ પારાવાર, તારે બોલવાનું નહિ,
કરે હૈયું ભલે ચિત્કાર, તારે બોલવાનું નહિ.

તને આદેશ છે કે જીભ કાપીને મૂકી દેજે,
થશે તારોય જયજયકાર, તારે બોલવાનું નહિ.

જરા ઈતિહાસનાં થોથાં ઉઘાડીને મનન કરજે,
જે બોલ્યા તે થયા છે ઠાર, તારે બોલવાનું નહિ.

કદાચિત બોલવાથી બોર વેચાઈ જતા હો પણ,
નથી કંઈ બોલવામાં સાર, તારે બોલવાનું નહિ.

ન બોલ્યામાં હશે નવ ગુણ તારા ગોત્રમાં તેથી,
પુરોગામી કરે પોકાર, તારે બોલવાનું નહિ.

તને તો એક શું, લાખો ખભાઓ આપશે ટેકો,
શરત છે એટલી દોસ્તાર, તારે બોલવાનું નહિ.

અગર બહેરાં નગરજન સત્યની મહેફિલ સજાવીને
કરે ઈર્શાદ સો-સો વાર, તારે બોલવાનું નહિ.

'તીર્થ, ૧૫૩-ગુરુકૃપા નગર, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧.

## કવિનું મૌન / યોગેશ જોષી

ભારેલા અગ્નિ જેવું મૌન
એ જ તો
કવિની શક્તિ.

હું ચૂપ છું,
અત્યારે તો
બોલી શકાતું નથી;
પણ
મારા – કવિના મૌનમાં –
ધીમી ધીમે
એકઠું
થતું
જાય છે–
રૂપેરી–ગ્રે
યુરેનિયમ.

## કાન જ ગાયબ! / પ્રવીણ દરજી

'મારું
કોઈ સાંભળતું નથી'
એ વ્યથા
સમયની છાતી પર
કોતરાઈને
વળ લેતી આવી છે
છેક વ્યાસથી.
ત્રસ્ત અને મસ્ત
નામાભિધાન પામેલા
બે ધોરી રસ્તા
ભીડથી ઊભરાય છે.
એક આત્મસંજ્ઞા માટે મથે છે
બીજો આત્મસંજ્ઞાનું લિલામ
કરી રહ્યો છે.
એકે
આ કે તે
વેઠ કે વેદનને
કાન સાથે
જોડ્યાં છે,
બીજાનો
કાન જ ગાયબ છે.
એકને
ચૂપ, ચૂપકી સિવાય વિકલ્પ નથી
બીજાનો માર્ગ જ
હૂડ કે હૂડહૂડનો છે
નરતું અંધારું
મુઠ્ઠીભર પ્રકાશ પાછળ પડ્યું છે.
વનવાસનાં વર્ષો
વધતાં જાય છે
કુરુક્ષેત્ર
સજાતું રહ્યું છે
મહાભારત સદાકાળનું છે.

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com